Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુ.૨૭

પુસ્તક નં. ૨૭
સની :
વીર સંવત : ૨૪૭૫
અંક નં : ૧ થી ૧૨

# શ્રી આત્માનંદ પ્રકાશ

વાર્ષીક ફાઇલ

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઇટ, ભાવનગર - ૩૬૪૦૦૧.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ.

( પુસ્તક ૧૭ મું. )

પુસ્તક ૧૭ મું. વીર સં. ૨૪૪૫–૪૬. આત્મ સં. ૨૪–૨૫. અંક ૧–૧૨.

" सेव्यःसदा सद्गुरु कल्पवृक्षः "

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीप्रभोर्यत्प्रकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्वाचनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुदयकरणे सत्यधर्मे रतानां
**'आत्मानन्दप्रकाशं'** वहतु हृदिमुदं मासिकं तद्बुधानाम् ॥१॥

પ્રગટ કર્ત્તા,

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

વાર્ષિક મૂલ્ય રૂા. ૧–૦–૦ ( પોસ્ટેજ ચાર આના. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ચૈત્રી જૈન પંચાંગ.

ઉપરોક્ત પંચાંગ સુશોભીત આર્ટપેપર ઉપર સુંદર ટાઇપથી બે રંગમાં છપાઇ અમારે ત્યાં આવેલા છે. જોઇએ તેમણે એક નકલે દોઢ આનાની ટીકીટ મોકલી મંગાવી લેવાં.

## જૈન બંધુઓને ખાસ સુચના.

આપણા મંદિરોમાં ઉપયોગમાં આવે તેવી શુદ્ધ વસ્તુઓ જેવી કે કેસર, કસ્તુરી, અમ્બર, બરાસ, મોમ્બાઇ, ગોરૂચંદન, સીલાજીત, સોના ચાંદીના પાના દસાંગ ધુપ, અગરબત્તી વીગેરે માલ કીફાયત ભાવે મળશે. ભાવને માટે પ્રાઇસ લીસ્ટ મંગાવો.

શા ફુલચંદ ગોપાળજી
હેરીસરોડ—ભાવનગર.

# જીવન-સુધારણાના સન્માર્ગો.

### પ્રત્યેક કુટુંબમાં અવશ્ય રાખવા અને વાંચવા લાયક અત્યુત્તમ લેખોનો સંગ્રહ

### પ્રયોજક—વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ, બી. એ.

જીવનમાં નવીન ઉત્સાહ રેડનાર, નવીન ચૈતન્ય જગાડનાર, અપૂર્વ આનંદ અને શાંતિ પ્રેરનાર તેમજ માનસિક શકિતઓનો અજબ વિકાસ કરનાર અને ઉમદા સદ્‌વિચારોથી ભરપૂર આ પુસ્તક પ્રત્યેક સ્ત્રી પુરૂષને સ્વપરહિત સાધવામાં અમૂલ્ય સાહાય્ય આપનાર થઇ પડે તેમ છે. આમાં નિર્દિષ્ટ કરેલા સન્માર્ગો જાણી જીવનયાત્રા સફળ કરવા જરૂર મંગાવો. કિ. રૂા. ૧।।. મળવાનાં ઠેકાણાં:—

( ૧ ) શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

( ૨ ) જીવનલાલ અમરશી મહેતા
પીરમશાહ રોડ—અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાર્ષિક વિષયાનુક્રમણિકા.

| નંબર. | વિષયો. | લેખક. | પૃષ્ઠાંક. |
|---|---|---|---|
| ૧ | વર્ષારંભે માંગલ્ય સ્તુતિ ( પદ્ય. ) | | ૧ |
| ૨ | ગુરૂસ્તુતિ ( પદ્ય. ) | | ૨ |
| ૩ | વર્ષારંભે પ્રભુ સ્તુતિ ( પદ્ય. ) | | ૨–૫૭–૮૫–૧૬૭–૧૪૧–૧૯૭–૨૨૧–૨૪૫–૨૭૧–૨૯૭ |
| ૪ | શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આશીર્વચન ( પદ્ય ) | | ૨ |
| ૫ | અભિનવ વર્ષે નિવેદન. | | ૩ |
| ૬ | કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો | ( શ્રીયુત કુબેરલાલ અંબાશંકર ) | ૮–૩૪–૫૮–૮૭–૧૧૮–૧૪૬ |
| ૭ | આનન્દ પ્રાપ્તિના માર્ગો | ( વિઠ્ઠલદાસ મુળચંદ બી. એ. ) | ૧૧ |
| ૮ | ચાતકાન્યોક્તિ | ( "ષડ્ગુણ" ( ભાવનગર ) ) | ૧૭ |
| ૯ | સુખદુઃખની ભાવનાથી ઘડાતું જીવન | ( ફતેચંદ ઝવેરભાઇ ) | ૧૮ |
| ૧૦ | જૈન સમાજની આધુનિક સ્થિતિ–સડો કયા ભાગમાં છે ? | ( પંડીત લાલજી હાસજી શાહ ) | ૨૩–૪૩–૭૩–૧૦૮ |
| ૧૧ | મારવાડમાં કેળવણીનો ઉગતો સૂર્ય | ( "ગુલકાન્ત," સંઘવી. ) | ૨૬ |
| ૧૨ | વર્તમાન સમાચાર. | | ૩૨, ૫૪, ૧૧૪, ૧૪૧, ૧૯૩, ૨૨૨, ૨૬૭, ૨૯૪ |
| ૧૩ | પર્યુષણ પર્વ નિમિત્ત સ્તુતિ. | | ૩૩ |
| ૧૪ | મિચ્છામિ દુક્કડમ્. | | ૩૪ |
| ૧૫ | ધર્મની ભાવના જાગ્રત કરવાની જરૂર | ( મુ૦ કર્પૂરવિજયજી ) | ૩૬ |
| ૧૬ | માન અભિમાનની કંઇ હદ હોય ખરી કે ? | " | ૩૭ |
| ૧૭ | શ્રાવક કોને કહેવા ? | | ૩૯ |
| ૧૮ | આભ્યંતર શાંતિ | ( વીઠ્ઠલદાસ મુળચંદ બી. એ. ) | ૩૯ |
| ૧૯ | કાળ અને આત્માનું બળ. | ( ફતેચંદ ઝવેરભાઇ ) | ૪૬ |
| ૨૦ | મધ્યસ્થ ધર્મ ભુષણમ્. | ( શેઠ મણીલાલ સુરજમલ ) | ૫૦ |
| ૨૧ | હિતવચન માળા. | ( મુ૦ કર્પૂરવિજયજી ) | ૫૨ |
| ૨૨ | આત્મનિંદા ભાવના | | ૫૩ |
| ૨૩ | વિદ્યાનું દૈવત. | ( શ્યામજી લવજી ભટ્ટ ) | ૫૮ |
| ૨૪ | મનુષ્યની પ્રભાવશીલતા. | ( વીઠ્ઠલદાસ મુળચંદ બી. એ. ) | ૬૦ |
| ૨૫ | સત્શાસ્ત્રનું અન્તરાત્મા પ્રતિ પ્રોત્સાહન | ( શા. ફતેચંદ ઝવેરભાઇ ) | ૬૬ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૨૬ સંત–સાધુજનોની સેવાથી લાભ શી રીતે લઇ શકાય? (મુ. કર્પૂરવિજયજી) ૬૮
૨૭ સ્વકર્તવ્ય પ્રેરક સૂક્ત વચન. „ ૬૯
૨૮ કામદેવ વિષય વાસનાનું જોર. ૭૦
૨૯ આચાર્યાદિક પદવી પાત્રમાંજ શોભે છે. ( મુ૦ કર્પૂરવિજયજી ). ૭૨
૩૦ દેવદ્રવ્ય સંબંધી ચાલતી ચર્ચા. ૭૫
૩૧ શ્રી દીવાળીનું સ્તવન. ( પં. અજીતસાગરજી ) ૮૦
૩૨ પ્રાચીન અને નવીન ભાવનાનું સંઘર્ષણ. ( ન્યાય અન્વેષક ) ૮૧
૩૩ માનવ ભ્રમરને ઉપદેશ. ( પં. અજીતસાગરજી ) ૮૬
૩૪ ઉતાવળ વિનાશનું કારણ છે. ( વિઠ્ઠલદાસ મુળચંદ બી. એ. ) ૮૯
૩૫ આશાનાં પ્યાસા. ૯૩
૩૬ તત્વજ્ઞાનનો સરલ માર્ગ સદબોધ સંગ્રહ ( મુ૦ કર્પુરવિજયજી ) ૯૪
૩૭ આપણી સામાજિક નૈતિક તથા આધ્યાત્મિક ઉન્નતિ સાધવા માટે સંપ તથા એકતા ( Harmony ) દ્રઢ પાયે સ્થાપવા આપણુ સહુમાં ઉદાર–નિઃસ્વાર્થ ભાવના પ્રગટાવવાની અનિવાર્ય જરૂર. ( મુનિ કર્પુરવિજયજી ) ૯૭
૩૮ જૈન દ્રષ્ટિએ મનોવિજ્ઞાન, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન. ( શ. અધ્યાયી ) ૧૦૦
૩૯ જીવનની જ્યોત જાગે છે ( ફતેહચંદ ઝવેરભાઈ ) ૧૦૭
૪૦ સમાજ જીવનનું અધઃપતન. „ ૧૧૦
૪૧ એક ખુલાસો. ( સેક્રેટરી ) ૧૧૩
૪૨ ગ્રંથાવલોન. ૫૬, ૧૧૫, ૧૪૨, ૧૯૩, ૨૨૩, ૨૬૮
૪૩ સ્વજીવન ટકાવી રાખવાની કળા. ( મુ૦ કર્પૂરવિજયજી ) ૧૧૯
૪૪ મૂર્ખ શતક–અનુવાદ. ૧૨૧
૪૫ વિધિનાં લેખ. ૧૨૨
૪૬ આત્મ નિર્ભરતાનું માહાત્મ્ય ( વિઠ્ઠલદાસ મુળચંદ બી. એ. ) ૧૨૩
૪૭ મતિજ્ઞાન. ( શ. અધ્યાયી. ) ૧૩૦
૪૮ સુધારો. ૧૪૧
૪૯ સ્વજીવન શક્તિ ( Vitality ) નો વ્યર્થ વ્યય કરતાં અટકો ( મુ૦ કર્પુરવિજયજી ) ૧૪૮
૫૦ સંયમ એજ સુખશાન્તિની ખરી ચાવી છે. ( મુ૦ કર્પુરવિજયજી ) ૧૪૯
૫૧ સત્સંગ કરવાથી થતાં અનેક ઉત્તમ લાભ. ( મુ૦ કર્પુરવિજયજી ) ૧૫૧
૫૨ દ્રવ્યભાવ તીર્થસેવાનું અનુપમ ફળ ( મુ૦ કર્પુરવિજયજી ) ૧૫૧
૫૩ મિથ્યાત્વના ચાર ભેદ. „ ૧૫૨


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૫૪ સદ્‌ગુરૂ–સત્સંગ મહિમા. ૧૫૩
૫૫ ઉદ્યોગ પરાયણતા. ( વિઠ્ઠલદાસ મુળચંદ બી. એ. ) ૧૫૪
૫૬ સાદરી–મારવાડ શહેરમાં મળેલી બારમી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ. ૧૬૧
૫૭ બારમી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના સભાપતિ લાલા દોલતરામજી જૈ-
નીનું વ્યાખ્યાન. ૧૬૩
૫૮ બીજા દીવસની બેઠકમાં થયેલું કામકાજ. ૧૭૨
૫૯ ત્રીજા દીવસની બેઠક. ૧૭૫
૬૦ બારમી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સમાં મુનિ મહારાજ શ્રી વલ્લભવિ-
જયજી મહારાજે આપેલું વ્યાખ્યાન. ૧૮૯
૬૧ જૈન સાહિત્ય સંશોધક સમાજ. ૧૮૯
૬૨ સામાયક–સમભાવ–સમતા પ્રાપ્તિ ઉપાય. ( મુ૦ કર્પુરવિજયજી ) ૧૯૮
૬૩ મન અને ઇન્દ્રિય–દમન કરવાની અતિ ઘણી જરૂર (મુ૦ કર્પુરવિજયજી) ૧૯૯
૬૪ સદ્‌વાકયો. ( મુ૦ કમળવિજયજી ) ૨૦૧
૬૫ " દેવદ્રવ્ય " સંબંધી મુનિ મહારાજ શ્રી કલ્યાણવિજયનો એક પત્ર.
( મુ૦ કલ્યાણવિજયજી ) ૨૦૨
૬૬ નિષ્ફલતામાં સફલતા ( વિઠ્ઠલદાસ મૂળચદ બી. એ. ) ૨૦૮
૬૭ જૈન કોમમાં કેળવણી ( નરોત્તમ બી. શાહ. ) ૨૬૩, ૨૪૨, ૨૫૮, ૨૮૧
૬૮ શું જગત કર્ત્તા ઇશ્વર છે ? ( નંદલાલ લલ્લુભાઇ વકીલ ) ૨૧૪
૬૯ અમદાવાદના નગર શેઠનું ઉપયોગી ફરમાન. ૨૨૦
૭૦ આત્માનંદમાં વિહરતા ઉચ્ચ કોટિના મનુષ્યનું જીવન કેવું હોય છે ?
( ફતેહચંદ ઝવેરભાઇ ) ૨૨૧
૭૧ સાધુ સહકારી મંડળની જરૂરી યોજના ( મુ૦ કર્પૂરવિજયજી ) ૨૨૨
૭૨ સહૃદય અને સકર્ણ સજ્જનોને સાગ્રહ સૂચના. ,, ૨૨૨
૭૩ સર્વ સામાન્ય હિત વચનો. ,, ૨૨૩
૭૪ અનન્ત જીવન પ્રકટાવવા પરમાત્માનો નિર્દેશ ( ફતેહચંદ ઝવેરભાઇ ) ૨૨૫
૭૫ વૈરાગ્ય. ( રા. અધ્યાયી ) ૨૨૬
૭૬ પરહિત ચિંતન અને સાધન. ( વિઠ્ઠલદાસ મુળચંદ બી. એ. ) ૨૩૩
૭૭ આપણી ઉન્નતિ કેમ થઇ શકતી નથી ? તથા આપણી ઉન્નતિના સંભવિત
ઉપાયો. ( મુ. કર્પુર વિજયજી ) ૨૪૬
૭૮ પુરૂષની પંકિતમાં કોને ગણવા ? એક પ્રશ્નનું સમાધાન ( મુ. કર્પૂર-
વિજયજી ) ૨૪૭


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




૭૯ માનસિક અવસ્થાઓ ( રા. અધ્યાયી ) ૨૪૭
૮૦ દુઃખદ પ્રસંગોમાંથી બોધ ગ્રહણ ( વિઠ્ઠલદાસ મુળચંદ બી. એ. ) ૨૫૪
૮૧ હિત વચન માળા બોધ દાયક વચનો. ૨૬૨
૮૨ કેળવણી સંબંધી કંઇક. ૨૬૪
૮૩ જૈન સાહિત્ય ... બે બોલ. ૨૬૬
૮૪ ખેદજનક સમાચાર ૨૬૯
૮૫ આપણા વિચારોના પ્રતિબંબ રૂપ જગત (વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.) ૨૭૨
૮૬ ગુરૂ પ્રદક્ષિણા કુલક. ૨૭૭
૮૭ મુંગા પણ ઉપયોગી જાનવરો પ્રત્યે અનુકંપા અથવા દયા દાખવવાની આપણી ફરજ ( મું. કર્પુર વિજયજી ) ૨૭૮
૮૮ આરોગ્ય સાચવવા અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય નિયમો અને તેથી થતા કંઈક અવાંતર ફાયદા " ૨૭૬
૮૯ આત્મા અને પરમાત્માનો સંબંધ ( રા. અધ્યાયી ) ૨૮૩
૯૦ શ્રીમદ્ આનંદઘનજીના એક પદનો અનુવાદ ( ફતેહચંદ ઝવેરભાઈ ) ૨૮૯
૯૧ પવિત્ર ભાવના મનુષ્ય જીવનનો ઉદય શી રીતે કરે છે. ( V. ) ૨૯૯
૯૨ ન બોલવામાં ગુણ છે નવાણું ( રા. કુબેરલાલ અં. ત્રિવેદી ૨૯૮
૯૩ જુદે જુદે સ્થળે વસતા જૈનીઓએ બે બોલ. મું. કર્પૂરવિજયજી મ૦ ૨૯૯
૯૪ આપણા દીલમાં દયા ગુણ ખીલવવાનો સુગમ ઉપાય (મુ. કર્પૂરવિજયજી) ૩૦૧
૯૫ દયાળુ જનોને ભક્ષ્યાભક્ષ્ય ખાનપાન સંબંધી સુચનાઓ ( મુ૦ કર્પૂરવિજયજી ) ૩૦૨
૯૬ મનની ગુપ્ત શકિતઓ ( રા. વીઠ્ઠલદાસ મૂ૦ શાહ. ) ૩૦૩
૯૭ પંદરમી સદીમાં બોલાતી ગુજરાતી ભાષા ( મુનિ શ્રી કલ્યાણ વિજયજી મહારાજ ) ૩૧૩
૯૮ આત્માનંદ પ્રકાશ અને તેની સાહિત્ય સેવાની વિશાળતા ૩૨૮
૯૯ મુનિરાજોના ચાતુર્માસ ૩૩૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

आत्मानन्दं प्रयाति स्मरणकरणतः श्रीप्रभोर्यत्प्रकाशात्
पुण्यं ज्ञानं ददाति प्रतिदिनमथ यद्वाचनं सज्जनेभ्यः ।
यस्य स्तुत्यप्रयत्नः समुदयकरणे सत्यधर्मे रतानां
'आत्मानन्द प्रकाश' वहतु हृदि मुदं मासिकं तद्बुधानाम् ॥१॥

पु. १७. { वीर सं. २४४५–श्रावण आत्म सं. २४ } अंक १ लो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

૧ વર્ષારંભે માંગલ્ય સ્તુતિ. ( સભા ) ... ... ... ... ... ૧
૨ ગુરૂસ્તુતિ, આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને આશીર્વચન (સભા) ... ... ૨
૩ વર્ષારંભે પ્રભુસ્તુતિ. ( વિ. મૂ. શાહ. ) ... ... ... ... ૨
૪ અભિનવ વર્ષે નિવેદન ( સભા ) ... ... ... ... ... ૩
૫ કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો ( રા. કુબેરલાલ અં. ત્રિવેદી ) ... ... ... ૯
૬ આનંદ પ્રાપ્તિના માર્ગો ( રા. વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.)... ... ... ૧૧
૭ ચાતકાન્યોક્તિ ( રા. ષડ્ગુણ. ) ... ... ... ... ... ૧૭
૮ સુખ દુઃખની ભાવનાથી ઘડાતું જીવન. ( રા. ફતેહચંદ ઝવેરભાઇ. ) ... ... ૧૮
૯ જૈન સમાજની આધુનિક સ્થિતિ–સડો કયા ભાગમાં છે? (રા. માવજી દામજી. )... ૨૩
૧૦ મારવાડમાં કેળવણીનો ઉગતો સૂર્ય. ( રા. ગુલકાન્ત ) ... ... ... ૨૫
૧૧ વર્તમાન સમાચાર. ( સભા ) ... ... ... ... ...

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા માનવંતા ગ્રાહકોને સૂચના.

# સોળમા વર્ષની અપૂર્વ ભેટ.

# " શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ. "

## (શ્રી જ્ઞાનસાર–ગદ્ય–પદ્ય અનુવાદ મૂળ સાથે.)

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇયે છીયે કે દર વર્ષ મુજબ આ વર્ષે પ્રત્યેક જૈન કે અન્ય બંધુઓને પઠન પાઠનમાં અવશ્ય ઉપયોગી અધ્યાત્મનો આ ગ્રંથ, કે જેના મૂળના કર્તા મહાત્મા અધ્યાત્મ રસીક ન્યાયવિશારદ ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજ છે, કે જે શ્રી "જ્ઞાનસાર" અષ્ટકજીના નામથી સુપ્રસિદ્ધ અધ્યાત્મ ગ્રંથ છે, તેના પદ્યનો જુદા જુદા રાગથી અનુવાદ અને સાથે ઘણું જ સરલ ગુજરાતી ભાષાંતર એ બંને મૂળ સાથે આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, આ ગ્રંથ અપૂર્વ અધ્યાત્મનો હોઇ વાંચકના હૃદયમાં અધ્યાત્મભાવ પ્રગટાવે તેવો છે. અનેક જીવોનો ઉપકાર કરવા નિમિત્તેજ શ્રીમાન્ ઉપાધ્યાયજી મહારાજે આ આધ્યાત્મિક ગ્રંથની રચના કરેલી છે. શ્રીમાન્ ઉપાધ્યાયજી મહારાજે અનેક અપૂર્વ ગ્રંથો રચેલા છે. જેમાંનો આ ગ્રંથ અપૂર્વ અને અધ્યાત્મભાવ પ્રગટ કરાવવા માટે અદ્‌ભુત છે. સર્વ કોઇ સરખો લાભ લઈ શકે તે માટે મૂળ ( સંસ્કૃત ) તથા ગુજરાતી ભાષામાં કાવ્ય અને ભાષાંતર સાથે આપવામાં આવેલ છે. આવા ઉત્તમોત્તમ ગ્રંથનું શાંત રીતે અધ્યયન કરવાથી અધ્યયન કરનાર દરેક મનુષ્યનું હૃદય તેવા ઉત્તમ ગુણુ ગ્રહણુ કરવા લાયક બને છે તે સાથે મોક્ષમાં જવાને એક ઉત્તમ સાધન બને છે.

**હાલમાં ચાલતા મહાન યુદ્ધને લઇને કાગળો વિગેરે, છાપવાના તમામ સાહિત્યની હદ ઉપરાંત મોંઘવારી છતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તેજ મુજબ નિયમીત ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમોએ જ ચાલુ રાખ્યો છે.** તે અમારા સુજ્ઞ બંધુઓના ધ્યાન બ્હાર હશેજ નહિ. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાઇ સુશોભિત બાઇંડીંગ સાથે પ્રસિદ્ધ થશે.

બાર માસ થયાં ગ્રાહકો થઇ રહેલા તેમાં આવતા વિવિધ લેખોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો ભેટની બુકનો સ્વીકાર કરી લેશે જ એમ અમોને સંપૂર્ણ ભરૂસો છે, છતાં **અત્યાર સુધી ગ્રાહકો રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય. અથવા છેવટે, બીજાં બાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું; જેથી નાહક વી. પી નો. નકામો ખર્ચ સભાને કરવો ન પડે તેમજ સભાને તેમજ પોસ્ટખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહિં. તેટલી સૂચના દરેક સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.**

**આવતા ભાદરવા માસની પૂર્ણીમાના રોજથી આ માસિકના માનવંતા ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના પૈસાનું વી. પી. કરી દર વરસ મુજબ વી. પી. કરવામાં આવશે, જેથી તે પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન નહિં કરતાં દરેક ગ્રાહકને સ્વીકારી લેવા વિનંતિ છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અભિનવ વર્ષે નિવેદન.

હ્રદયમાં જ્ઞાનચક્ષુથી જોઇ આત્મવિકાસની વૃદ્ધિને અનુભવ કરાવનાર, મનુષ્ય જીવનની ભવ્યતા, સાર્થકતા, બલ, પરાક્રમ અને બીજા ઉચ્ચ ગુણોનું ભાન કરાવી સન્માર્ગે દોરનાર અને ઉચ્ચ જીવનના મનોરથો અને એ મનોરથોની સિદ્ધિમાં અપેક્ષિત અંશભૂત વિગેરેની વિચારમાળા વાંચકો સમક્ષ ધરવાને સદા ઉત્સુક થઇ પ્રવૃત્તિ કરનાર આ **આત્માનંદ પ્રકાશ** સત્તરમા વર્ષમાં પ્રવેશ કરે છે.

આ માસિકનું સ્વરૂપ ધાર્મિક ભાવનાથી બંધાયું છે અને તેથી તે મુખ્યરીતે ધાર્મિક ભાવનામાં ઉતરવાની ધન્ય ઘડીનો અનુભવ કરાવતું આવ્યું છે, છતાં પણ સાંપ્રત સમયે પ્રજાવર્ગીય હિતના તથા સામાજીક કર્ત્તવ્યના પ્રેરાયેલા ચેતનોના વિચારો પણ તે યથાયોગ્ય રીતે ભજવવા લાગ્યું છે; અને તેથી તે પોતાની ઉપયોગિતામાં મોટો વધારો કરી શકે છે. એમ કહેવામાં કોઇ જાતની અતિશયોક્તિ કહેવાશે નહિ.

સાંપ્રતકાળે જનસમાજમાં ધાર્મિક ભાવના પ્રબળ કરવાની જેવી આવશ્યક્તા છે તેવી પ્રજાજીવનને ઉન્નત બનાવવા પણ આવશ્યક્તા પ્રાપ્ત થઇ છે; કારણ કે સમય હવે બદલાયો છે, લોકરૂચિ વિવિધ રંગી થઇ છે, તેથી ધર્મ અને વ્યવહાર દૃષ્ટિથી ચર્ચા કરનાર લેખો, સેવાધર્મના મહાન સૂત્રો, સામાજીક ઉન્નતિના સાધનોની ચર્ચાઓ, સુધરેલા દેશોમાં પ્રધાનપદ ભોગવતા પ્રવૃત્તિ માર્ગોના દૃષ્ટાંતો અને સિદ્ધાંત દૃષ્ટિથી નિશ્ચિત કરેલા આચાર વિચારના તત્ત્વો આદિ મનોરંજક સામગ્રી રજુ કરવામાં જ માસિકની કર્ત્તવ્યતા સાર્થક થાય છે અને તેવા શિષ્ટ માસિકો જ હાલ પ્રતિષ્ટાપાત્ર બની શકે છે. આ લક્ષ ગર્ભિત રાખીને આત્માનંદ પ્રકાશ પોતાના તેજસ્વી કિરણોને પ્રસારતું ભારતવર્ષના સર્વ પ્રદેશોમાં ઘુમવા લાગ્યું છે.

ચાલતા ઉન્નતિ અને પ્રગતિના યુગમાં જૈનસમાજમાં ચેતન બલ પ્રગટ કરવાની કેટલી જરૂર છે ? તે વિષે પૂરતું લક્ષ આપી આ નવયૌવન માસિક પૂર્ણ રીતે કટીબદ્ધ થઇ ક્રમે ક્રમે પોતાનું સ્વરૂપ ધર્મ, નીતિ, આચાર, સાહિત્ય અને સેવાના વિદ્વત્તાયુક્ત, ગંભીર અને મનનીય લેખોનો પરિચય આ દેશની જૈન અને જૈનેતર પ્રજાને કરાવવાના હેતુથી પ્રેરાયેલું છે, તે સાથે ઉપયોગી સમાજના સંદેશાઓનો યથાશક્તિ સંગ્રહ કરી તેને સંઘને ચરણે અર્પણ કરવાનો ઉચ્ચ અભિલાષ ધારણ કરે છે અને જૈનસમાજના જીવનની અનેક દેશીય જરૂરીયાતો પૂરનારી સુંદર સામગ્રી એકત્ર કરવાનો ઉદ્દેશ રાખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ માસિકે પોતાના સોળ વર્ષના જીવનમાં બાલ્યવય મુકયા પછી શું શું કરી બતાવ્યું છે અને તેનો શુભ ઉદ્દેશ કેટલો ચઢિઆતો થયો છે, તે વિષે વિશેષ લખવાથી તેને પોતાને આત્મપ્રશંસાનો ભય લાગે છે, તથાપિ તેના વિદ્વાન્ અને વિચારક લેખકોને ન્યાય મળવાની ખાતર અને તેમની સહાયતાને સફલ કરવાની ખાતર તેને કહેવું પડે છે કે, આ માસિકનો જ્યારે ઉદય થયો તે અરસામાં જે વિચારસામગ્રી તેણે જૈનસમાજ આગળ ધરવા માંડેલી તેમાં સાંપ્રતકાળે મોટો ફેરફાર થતો આવ્યો છે અને તેને લઇને જ ગ્રાહક બંધુઓની વિશેષ સહાનુભૂતિ મેળવવાને તે સમર્થ થઇ શકયું છે. તે છતાં તેને વળી એટલું પણ કહેવું પડે છે કે, સ્વતંત્ર ચિંતન, ઉચ્ચ વિદ્વત્તા અને હૃદયગ્રાહી લેખો પ્રગટ કરવાની તેની ઉત્સુકતા જૈન વિદ્વાનો તરફથી પૂર્ણ થઇ શકતી નથી અને જૈનસમાજમાં તેવા લેખો લખનારની સંખ્યા ઘણીજ સ્વલ્પ જોવામાં આવે છે. જે પદ્ધતિના લેખો શિષ્ટ ઇંગ્રેજી માસિકોમાં અને ગુજરાતના સર્વોત્તમ માસિકોમાં પ્રગટ થાય છે, તેવા લેખોની બહોળી સંખ્યા આ માસિકને મળી શકતી નથી. તો પણ તે વારંવાર તેવા જૈન લેખકોને વિનતિ કરી પ્રેમથી આમંત્રણ કરે છે અને હૃદયથી માને છે કે જૈનસમાજમાં ઉત્પન્ન થયેલી ઉચ્ચ બુદ્ધિઓ અને ઉચ્ચ હૃદયોની ભાવનાઓના આવિર્ભાવનું નિમિત્ત થવામાં આત્માનંદ પ્રકાશની સંપૂર્ણ કૃતકૃત્યતા છે.

આ માસિક યુવાવસ્થાના અદ્‌ભુત આનંદનું અનુભવી બનવાને ભાગ્યશાળી થયું છે, તેનું મુખ્ય કારણ પોતાના પવિત્રાત્મા ગુરૂના નિર્મળ અને પ્રાતઃ સ્મરણીય નામની છાપ છે અને તે છાપના દિવ્ય પ્રભાવથીજ તે આવી ઉચ્ચ ભૂમિકામાં આવી શકયું છે. એટલુંજ નહીં પણ તે છાપના યોગે પોતાના મહાત્મા ગુરૂના દ્રવ્ય સ્વરૂપનો અભાવ છતાં આ માસિકને તેમના ભાવસ્વરૂપની પ્રત્યક્ષ પ્રતિમા રૂપ જાણી તે મહાત્મા ગુરૂની શિષ્યપરંપરા તે તરફ પ્રેમદૃષ્ટિએ સદા અવલોકન કરી તેના ઉપયોગી જીવનના બલને વધારવાને સદા તત્પર અને ઉત્સુક રહે છે. તેને માટે આ માસિક પોતાની ઉત્પાદક અને યોજન સંસ્થા સાથે તેમનો અપાર ઉપકાર માને છે અને તેમના સંયમની શીતળ અને અમૃતમય છાયા નીચે રહીને જ પોતાના જીવનનું ભાવમય પોષણ મેળવવા સદા ઇચ્છે છે.

આ માસિકે બાલ્યવયથી માંડીને યૌવનવય સુધીમાં ઉત્તરોત્તર અગત્યની દિશાઓમાં પ્રગતિ કરી છે અને હજુ તે કરતું જાય છે, તેથી આ દેશમાં તેને માટે સંતોષ પ્રદર્શક મત વધારે ને વધારે પ્રસરતો જાય છે તે જોઇને તેના પ્રવર્ત્તકોને વિશેષ આનંદ થાય છે; તથાપિ હજુ જૈનધર્મ અને જૈન ગૃહ–વ્યવહારની દિશામાં ખાસ કરીને સંગીન અને ઉપયોગી કાર્ય કરવા આત્માનંદ પ્રકાશનો ઉચ્ચ ઉદ્દેશ છે. ધર્મ અને સમાજના જુદા જુદા પ્રશ્નો ઉપર ઉંચા પ્રકારના લેખો સંપાદન કરવાને આ માસિક પોતાના પ્રયાસોને પ્રેરવા માગે છે, કારણ કે ધર્મ, ન્યાય, આચાર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહાર, સામ્રાજ્ય અને દેશના સંપ, શાંતિ અને આબાદી સાથે વર્તમાન જીવનના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વિચારી ભૂત સાથે વર્તમાનના સંબંધમાં રહેવું એવી આત્માનંદ પ્રકાશની વૃત્તિ છે અને તે વૃત્તિ આચારમાં મુકવાને તે નિષ્પક્ષપાતતા ધારણ કરી પ્રગતિ કરતું રહ્યું છે.

ચતુર્વિધ જૈનસમાજના ધર્મ અને સામાજીક જીવનના પ્રશ્નો કાંઇક ઉંડા વિચારથી સમજી શકે તેવા વાચકોને તેમના હૃદયને અનુકૂળ વિચાર સામગ્રી રજુ કરવાનો પ્રયાસ કરવા આ માસિકની પ્રવૃત્તિ થઇ છે. જૈનસમાજમાં નવા યુગની ઘટના, સમાજોન્નતિનાં ચેતનોનું સંવિધાન, ધાર્મિક અને ગૃહસ્થજીવનના કર્ત્તવ્ય ભરેલા તત્વો, પ્રગતિની સાધના ઇત્યાદિ બહુ બહુ પ્રવૃત્તિઓ તરફ સમાજના હૃદયોને સચેત કરવા અને ધર્મ તથા તેના સાહિત્યને તૈયાર કરવા આ માસિક પોતાનો હિસ્સો પૂર ઉમંગથી આપે એવો તેનો ઉચ્ચ મનોરથ છે, તેથી તેવો ઉચ્ચ મનોરથ સફળ કરવાને આપણાં વિદ્વાન્ લેખકો અને વિચારકોના હૃદયમાં તત્કાલ તેવી પ્રેરણા જાગે એવી તે આશા રાખે છે.

આ આત્માનંદ પ્રકાશ આ નવીન વર્ષમાં પ્રવેશ કરતા હાલ સામ્રાજ્યને વિજયી અને સુલેહ શાંતિવાળું અવલોકી વિશેષ આનંદ પામે છે અને દુષ્કાળ અને મોંઘવારીના વિકટ પ્રસંગમાંથી મુક્ત થયેલા દેશને જોવાને આતુર થઇ તે પોતાની નવી આશા અને મનોરથો પૂરવાની તીવ્ર આકાંક્ષા રાખે છે. ગુરૂ ભક્તિના ગૌરવથી ગર્જિત થયેલા આ માસિકના ક્રમે ક્રમે રચાતા જતા સ્વરૂપનું સામાન્ય લક્ષણ કહ્યા પછી હવે ગતવર્ષનું કાંઇક સિંહાવલોકન કરતાં કહેવું જોઇએ કે આ માસિકે પોતાની બાહ્ય અને આંતર સ્વરૂપની રચના ગતવર્ષમાં અવિચ્છિન્ન રાખી છે. તેણે ગદ્ય તથા પદ્યના વિવિધ લેખો, ચર્ચાઓ અને સમાચારોની મોટી સામગ્રી પોતાના સુજ્ઞ ગ્રાહકોની આગળ ધરી છે અને તેમની અભિરૂચિ વધારવાને બનતો પ્રયત્ન કર્યો છે. તેના એકંદર વિષયોનો સંગ્રહ ૯૨ ની સંખ્યાએ પહોંચ્યો છે. અને તેની અંદર ઉચ્ચ પ્રકારના લેખોએ મોટો ભાગ રોકયો છે. જે ઉપરથી આ માસિક સંપૂર્ણ અભિનંદનને પાત્ર બન્યું છે. આત્માનંદ પ્રકાશના લેખ રૂપી તેજસ્વી કિરણોને પ્રસાર કરનારા તે મહાશય લેખકોને તે અંતઃકરણથી ધન્યવાદ આપે છે. નિત્ય ક્રમ પ્રમાણે વર્ષારંભની માંગલ્ય સ્તુતિ અને ગુરૂ સ્તુતિ કરી ગત વર્ષના લેખોનો આરંભ કરવામાં આવ્યો છે. પદ્ય લેખકોમાં શ્રીયુત વિઠ્ઠલદાસ મૂલચંદ બી. એ. 'ષડ્ગુણ' ના નામથી લખતા શ્રીયુત છગનલાલ ત્રિભુવન દવે, શ્રીયુત કવિ શામજી લવજી ભટ્ટ, શ્રીયુત ફત્તેહચંદ ઝવેરચંદ શાહ અને શ્રીયુત કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી તરફથી પ્રાપ્ત થયેલી રસિક પ્રસાદીને માટે આ માસિક સાભિમાન બન્યું છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તેમને અભિનંદન આપવાને સંપૂર્ણ ઉત્સાહી થયું છે. ' મહત્વાકાંક્ષા, ' ' સ્વાશ્રયી બનો, ' ' સત્યમિત્રતાનું સ્વરૂપ, ' ' વ્યક્તિગત આકર્ષણ શક્તિ, ' ' બોધક સૂત્રો, ' અને ' સમજશક્તિની બક્ષીસ, '—એવા ગંભીર અને મનનીય લેખો કે જેઓ ગહન વાચન અને વિચારણાના ફલ રૂપ દેખાઇ આવે છે. તેવા લેખો રૂપ ઉજ્વલ કિરણોના પ્રકાશનું મહામાન શ્રીયુત વિઠ્ઠલદાસ મૂલચંદ બી. એ. ને ઘટે છે અને તેથી તેમની આ માસિક પ્રત્યેની શુભ ભાવના સંપૂર્ણ રીતે દેખાઇ આવે છે. ' વિશ્વની વિચિત્ર ઘટનાઓ, ' ' વિશ્વમાં આત્માનું સ્થાન, ' ' શ્રીમદ્ આનંદઘનજીના પદનો અનુવાદ, ' અને ' મનુષ્યની બાલ્યાવસ્થા, ' એ લેખોના સુયોજક શ્રીયુત ફત્તેહચંદ ઝવેરભાઇની આ માસિક પ્રત્યેની શુભ લાગણી સારી રીતે દશ્યમાન થઇ આવે છે. એ લેખોની રચના ઉચ્ચ કોટીની અને પ્રતિભાશાલી છે, જે ઉપરથી માસિક તેમનો ઉત્સાહથી ઉપકાર માને છે. ' જૈન કોમમાં કેળવણી, ' આરોગ્ય સંરક્ષણ, ' અને ' જૈનોમા માધ્યમિક ઉંચી કેળવણીનો પ્રચાર કરવાની આવશ્યકતા, ' એ ઉપયોગી લેખોની પૂર્ણ પ્રભા શ્રીયુત નરોત્તમદાસ, બી. શાહે અંગમાં ઉમંગ લાવીને પાડી છે અને જૈન સમાજને પ્રગતિની ઉચ્ચ દિશા દર્શાવી આપી છે. જે ઉપરથી આ તેમની સહૃદય ભક્તિ માટે આભારી બન્યું છે. ' ચારિત્ર બંધારણ, ' ' સુખ યાને સુખી જીવન ગુજારવાના કારણો ' ' અભ્યંતર કુટુંબ, ' એ ત્રણે સુબોધક વિષયો શ્રીયુત વકીલ નંદલાલ લલ્લુભાઇએ આ માસિકની સેવામાં અર્પણ કરી માસિક તરફની તેમની પવિત્ર મમતા પ્રદશિત કરી છે. ' ભાવનગરમાં જૈન સ્વયંસેવક બંધુઓની સેવા, ' ' સમયોચિત કર્ત્તવ્ય, ' સમાજ ઉન્નતિ માટે સમયે સમયે ફેરફાર કરવાની જરૂર છે ' એ રહસ્ય ભરેલા અને મનનીય લેખો શ્રીયુત એક સમાજ સેવકના દેખાય છે. આ લેખકે પોતાનું પ્રગટ નામ આપ્યું નથી, છતાં પણ જૈન સમાજની ઉન્નતિના માર્ગને દર્શાવનારા અને વર્ત્તમાન કાલના સામાજીક જીવનની ઘટનાના ઉચ્ચ તત્વોના તે સારા બોધક હોઇ મનન પૂર્વક વાંચવા યોગ્ય છે. ' માનસ દ્યોતન, ' ના લેખક શ્રીયુત અધ્યાયી છે કે જેના લેખો ઉંડા રહસ્યવાળા, વિદ્વત્તા પૂર્ણ અને ઉચ્ચ તત્વો દર્શાવનારા હોઇને મનન કરવા યોગ્ય છે. માત્ર આ એકજ લેખ આ શ્રીમાન લેખકનો હોઇ તે પ્રવૃતિ ચાલુ રાખવાને સૂચના કરવામાં આવે છે. ' જ્ઞાતિ સંસ્થા વિષે વિચારણીય મુદ્દાઓ, ' ' જૈન કોમમાં સ્ત્રી કેળવણીની જરૂર, ' ' જૈન સાહિત્યનો પ્રચાર કયા ધોરણે કરવો જોઇએ ' ?, ' જૈન કોમમાં આરોગ્યની આવશ્યકતા, ' ' સમયના પ્રવાહમાં ' એ વિષયોના લેખકો અનુક્રમે શ્રીયુત માવજી દામજી શાહ, શ્રીયુત માસ્તર દુર્લભજી કાળીદાસ, અને શ્રીયુત આઇ–એ. છે, તે ઉપરાંત ' લગ્નાદિ પ્રસંગે અપીલ ' એ વિષયના લેખક શ્રીયુત શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળના સેક્રેટરીએ કરેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આંતર સેવા આ માસિક ઉપકાર સાથે સ્વીકારે છે. ઉપર્યુક્ત ગદ્ય તથા પદ્યના લેખકોમાં શ્રીયુત છગનલાલ ત્રિભુવન દવે, કવિ શ્યામજી લવજી ભટ્ટ, અને કેટલાક પ્રાસ્તાવિક શ્લોકોના લેખક શ્રીયુત કુબેરલાલ અંબાશંકર અન્ય ધર્મી છતાં આ માસિક તરફ શુભ ભાવના દર્શાવે છે, તેથી તેમનો તે વિશેષ આભાર માને છે. એવી રીતે ગૃહસ્થ લેખકોની વિચારમાળાથી અલંકૃત થયેલું આ માસિક તે મનોહર માલામાં મણિમય શ્રેણીના કિરણોના જેવી સ્ફૂર્ત્તિ આપનારા ગુરૂવર્ગના લેખોથી વિશેષ તેજસ્વી બન્યું છે. તેમાં ખાસ કરીને આ માસિકના સદા પોષક અને શાંતમૂર્ત્તિ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીના સુબોધક અને વિદ્વત્તાની દિશાઓમાં જૈન સમાજનું જીવન ઝીલાવનારા લેખોની શ્રેણી આત્માનંદ પ્રકાશમાંથી આનંદમય કિરણો વર્ષાવ્યા કરે છે. જેથી તે મહાનુભાવનો મહાન્ ઉપકાર ચિરસ્થાયી રહેલો જ છે. 'હવે કાંઈ પણ ચેતી શકાય કે નહીં,' 'સદ્ભાવનાનો અલૌકિક ચમત્કાર,' જૈન બંધુઓને ઉપયોગી સૂચના,' 'પાંજરાપોળ પ્રમુખ જીવદયાની સંસ્થાઓ આશ્રી કંઇક,' 'જૈન સમાજની દાઝ હૈયે ધરનારને બે બોલ,' 'અહિંસા અથવા દયા,' 'ગચ્છનાયક ગણી આચાર્યાદિ કોણ હોઇ શકે,' 'આપણી આધુનિક ચાલતી સ્થિતિ સુધારી લેવાની ખાસ જરૂર,' 'કેવાં કર્મ કરવાથી કેવી અવસ્થા પમાય છે,' 'આત્મા સાથે કર્મનો સંબંધ કેવી રીતે છે, અને તેનો અંત શી રીતે આવે ?' 'શ્રી આત્મબોધ કુલક વ્યાખ્યા,' 'સાધુ નિર્ગ્રંથ યોગ્ય ચરણ સિત્તરી અને કરણ સિત્તરી,' 'શ્રી ગૌતમ કુલક સુવર્ણ વાકયો,' 'કર્મકુલક વ્યાખ્યા,' 'જીવાનુશાસ્તિ કુલક વ્યાખ્યા,' અને 'પુણ્યપાપ કુલક વ્યાખ્યા,'.વગેરે કેટલાએક તે મહાનુભાવના લેખોથી આત્માનંદ પ્રકાશની ધાર્મિક વિભૂતિ વિશેષ વૃદ્ધિંગત થઇ છે. પ્રાચીન અને અર્વાચીન ઐતિહાસિક વિષય ઉપર લખેલો 'શ્રી મહાવીર નિર્વાણના સમયના નિર્ણય' નો લેખ શ્રીમાન્ જિનવિજયજી મહારાજનો છે. જેઓ ઐતિહાસિક સાહિત્યના શોધક અને બહાર મુકનાર છે અને જેના ઐતિહાસિક લેખો જૈન અને જૈનેતર સમાજમાં પ્રિય થયેલ હોઇ મનનપૂર્વક વંચાયછે. તે મહાત્માની હાલની પ્રવૃત્તિ તેવા ગ્રંથો લખી પ્રસિદ્ધ કરવાની ચાલતી હોવાથી તેમના તરફથી વધારે લેખો આવી શકયા નથી, પરંતુ અવકાશે અવકાશે તેઓશ્રીએ ઐતિહાસિક નવીન નવીન પ્રસાદિ આપવાની જરૂરીયાત છે, જેથી તે માટે તેઓશ્રીને નમ્ર વિનતિ કરવામાં આવે છે. તેમણે પણ આ માસિકની ખરી ઉપયોગિતામાં વધારો કર્યો છે. તેમજ 'પરોપકારાય સતાં જીવનં' એ વિષય ઉપર શ્રી માણેકમુનિનું અવતરણ પણ આ માસિકને શોભાપ્રદ થયું છે. આ સિવાય બીજા લેખો આ સભાના સેક્રેટરીના છે જે તેમની ફરજ હોઇને તેને માટે કાંઇ પણ પ્રશંસા કરવી તે આ સ્થાને આત્મશ્લાઘા કરવા જેવું છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે વિષયોના વિવિધ કિરણોને પ્રસારતું, અને જ્ઞાન–બોધની આનંદમય પ્રભાને ફેલાવતું આત્માનંદ પ્રકાશ ભારત વર્ષરૂપ ગગનમાં સૂર્યબિંબની જેમ ચલકતું નવીન વર્ષમાં પ્રવેશ કરે છે. વર્તમાન સમયે ભારતમાં પ્રજાજીવનના આંદોલનો ઘુમી રહ્યા છે, દરેક સમાજ પોતાની વિવિધ પ્રકારની ઉન્નતિની પ્રવૃત્તિઓના ઉદ્‌ઘોષો ચારે કોર પાડી રહ્યા છે, સામાજિક, વ્યાપારી, ઔદ્યોગિક, કેળવણી વિષયક આદિ અનેક પ્રવૃત્તિઓના સ્વરૂપો આલેખનારી વિચારશ્રેણીઓ ઉઠવા લાગી છે અને સેવાધર્મનો પવન ભરતક્ષેત્રની ભૂમિ ઉપર વાવા લાગ્યો છે. તેવે સમયે વિગ્રહના વિરામથી શાંતિસુખને માર્ગે સંઘની નવીન ભાવનાઓ અને આશાઓ સફલ કરવાની તક સાધવા આ માસિક પોતે પોતાના અભિનવા મનોરથો સિદ્ધ કરવાને વિશેષ ભાગ્યશાળી થઇ શકશે; અને તેની એ અભિલાષાની સિદ્ધિ પોતાના બાહ્ય અને આંતર સ્વરૂપ ઉપર પડતી ગુરૂવર્ગની કૃપાદૃષ્ટિના પ્રભાવને અવલંબીને રહેલી છે એમ આ માસિક નિઃશંકપણે માને છે, અને ઇચ્છે છે કે, ગ્રાહકોની દિનદિન વધતી જતી સંખ્યાથી તેની લોકપ્રિયતા અને લોકોપયોગિતા વધારવામાં જૈન વિદ્વાન લેખકો અને વાચકો તેને સહાયરૂપ થાય અને આત્માનંદ પ્રકાશ આખા ભારતવર્ષના જૈન સમાજની એક જ્ઞાનમય–ભાવમય અમૂલ્ય સમૃદ્ધિ બને ! તે ઇચ્છા પૂર્ણ કરવાને માટે તે નીચે પ્રમાણે પરમાત્મા શ્રી વીર પ્રભુનું સ્મરણ કરે છે.

**वीरभक्तिभरभावितात्मनः किं नरस्य भुवि दुर्लभं भवेत् ।**
**तस्य मुक्तिललना रमणीया सन्निधिं समुपयाति रसेन ॥ १ ॥**

જે પુરૂષનું હૃદય શ્રી વીર પ્રભુની ભક્તિના ભારથી ભાવિત છે તેવા પુરૂષને આ પૃથ્વીમાં કઈ વસ્તુ દુર્લભ છે ? તે પુરૂષની પાસે રમણીય એવી મુક્તિરૂપી સ્ત્રી રસ ધરીને આવે છે. ૧

# કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો.

## પદ્યાત્મક ભાષાંતર સહિત.

( ગતાંક પૃષ્ટ ૩૦૮ થી ચાલુ. )

રચનાર:—રા. રા. કુબેરલાલ અંબાશંકર ત્રિવેદી. ભાવનગર.

**नित्यं छेदस्तृणानां क्षितिनखलिखनं पादयोरल्पपूजा**
**दन्तानामल्पशौचं वसनमलिनता रूक्षता मूर्धजानाम् ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



द्वे सन्ध्ये चापि निद्रा विवसनशयनं ग्रासहासातिरेकः
स्वांगे पीठे च वाद्यं भवति धनपतेर्भूमिपस्यापि वाच्यम् ॥

( શાર્દુલ )

તોડે બેસી તૃણો નખે ભૂમિ ખણે પાદો ન પૂરા ધુએ,
રાખે દાંત ન શુદ્ધ વાળ શિરના ઓળી અરીસો જુએ;
ખાતાં ખૂબ હસે સુવે નગન થઇ અંગો વગાડે કરે,
એવો માનવી ભૂપ હોય પણ ત્યાં લક્ષ્મી ન વાસો કરે.

चेतोहरा युवतयः सुहृदोऽनुकूलाः सद्बान्धवाः प्रणतिनम्रगिरश्च भृत्याः ।
गर्जन्ति दन्तिनिवहास्तरलास्तुरंगाः संमीलने नयनयोर्नहि किंचिदस्ति ॥

( પુષ્પિતાગ્રા )

અનુકૂલ સુહૃદો સુશીલ નારી, સુખકર સેવક બંધુવર્ગ ભારી;
રથ હય ગજ સાજ સુખદાયી, નયન મિંચાય પછી ન કોઇ ભાઈ!

असतामुपभोगाय दुर्जनानां विभूतयः ।
पिचुमंदं फलैराढ्यं काकैरेवोपभुज्यते ॥

( દોહરો )

પિચુમંદનાં ફલ તણો, કાક કરે ઉપભોગ;
દુર્જનની દોલત પડે, એમ દુષ્ટને ભોગ.

सत्सङ्गाद्भवति हि साधुता खलानां
साधूनां नहि खलसङ्गमात्खलत्वम् ।
आमोदं कुसुमभवं मृदेव धत्ते
मृद्गंधं नहि कुसुमानि धारयन्ति ॥

( પ્રહર્ષિણી વૃત )

સત્સંગે ખલજન સાધુ થાય સારા,
સાધુઓ નહિ ખલથી થશે નઠારા;
સૌગંધી કુસુમતણી જ માટી ધારે,
માટીની નહિ કુસુમો ધરે લગારે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



क्वचिद्विद्वद्गोष्ठि क्वचिदपि सुरामत्तकलहः
क्वचिद्वीणावादः क्वचिदपि च हाहेति रुदितं ।
क्वचिद्रम्या रामा क्वचिदपि जराजर्जरतनु
र्न जाने संसारः किममृतमयः किं विषमयः ॥

( મનહર )

વિદ્યાનો વિનોદ થાય વિદ્વાનોની વચ્ચે ક્યાંક,
ક્યાંક દારૂ પીધેલાની મત્ત મસ્તી થાય છે;
વીણાનો મધુર સ્વર ક્યાંક સંભળાય કાન,
ક્યાંક હાય હાય કરી રૂદન કરાય છે;
મોહને પમાડનારી નારી લટકાળી ક્યાંક,
ક્યાંક જરાથકી તન જીર્ણ તો જણાય છે;
શુ આતે સંસાર હશે વિષ કે અમૃત મય ?
આ બધું નિહાળતાં એ જાણી ન શકાય છે.

खादन्न गच्छामि हसन्न जल्पे गतं न शोचामि कृतं न मन्ये ।
द्वाभ्यां तृतीयो न भवामि राजन् किं कारणं भोज भवामि मूर्खः ॥

( ઉપજાતિ. )

હસી ન હું તો કરૂં વાત કયારે, ચાલી ન ખાવાતણી ટેવ મારે;
કરેલ જે કૃત્ય વડાં કરેથી, કહી ન દેખાડું કદિ મુખેથી.
જ્યાં બે જનો વાત કરે જ કાંઈ, ઉભો રહું ત્યાં ન કદિ છુપાઈ;
ગઈ વસ્તુનો શોચ કરૂં ન હાલ, શામાટ હું મૂરખ હે નૃપાલ ?

धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपि न विद्यते ।
अजागलस्तनस्यैव तस्य जन्म निरर्थकम् ॥

( દોહરો. )

ધર્મ કામ કે મોક્ષ ના, સાધ્યો ચોથો અર્થ;
અજાગલ આંચળ તુલ્ય તે, જનનું જીવન વ્યર્થ.

—ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આનન્દ પ્રાપ્તિના માર્ગો.

લે. વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ. બી. એ.

આ વીસમી સદીના સુવિખ્યાત રાજ્યનીતિજ્ઞ બિસ્માર્કનું કથન છે કે "મારા આખા જીવનમાં એક દિવસ પણ મને આનન્દની પ્રાપ્તિ નથી થઈ." જો કે ૫૩ વર્ષ સુધી ધન ધાન્ય, આદર સન્માન, બળ, પૌરૂષ, લક્ષ્મી, કીર્તિ, વિજય, વિભવ, શકિત, પ્રભાવ આદિ સર્વ પ્રકારના સુખની તથા એક મહારાજ્યના અધિકારની તેને પ્રાપ્તિ થઈ હતી તો પણ બિસ્માર્કે એક દિવસ સત્ય આનન્દનો અનુભવ કર્યો નથી. એ તેના ઉપરોકત વચનથી પ્રતીત થાય છે.

પ્રકૃતિમાં આનન્દ પણ એક વિલક્ષણ વસ્તુ છે. આનન્દ પ્રાપ્તિ માટે જગતમાં કોઇ નિયત સ્થાન નથી. સર્વ સ્થળમાં અને સર્વ સ્થિતિમાં આનન્દની સંપ્રાપ્તિ થઇ શકે છે. કોઇ કોઇ વખત તે એવા સ્થળોમાં પ્રાપ્ત થઇ શકે છે કે જ્યાં એની સ્વપ્ને પણ સંભાવના ન હોઇ શકે. તેમજ કોઈ કોઈ વખત એવા સ્થળોમાં તે મળી શકતો નથી કે જ્યાં તેની સંપૂર્ણ આશા હોય. કેટલીક વખત ફાંસીપર ચઢવાવાળા મનુષ્યોને જે આનંદની પ્રાપ્તિ થાય છે તે રાજા મહારાજાઓને પણ નથી થતી. આ ઉપરથી વાસ્તવિક હકીકત એ સિદ્ધ થાય છે કે આનન્દ બાહ્ય વસ્તુઓપર આધારભૂત નથી, પરંતુ હૃદયની આન્તરિક ગતિ ઉપર તેનો મુખ્ય આધાર છે. જેથી બાહ્ય વસ્તુઓ પ્રતિકૂળ હોય તો પણ સત્ય આનન્દ પ્રાપ્ત થઇ શકે છે. આનન્દની ઉત્પત્તિ હૃદયમાં થાય છે. હૃદય તેનું મૂલસ્થાન છે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ સર્વ પદાર્થોપર પડે છે તેવીજ રીતે આનન્દનો પ્રભાવ બાહ્ય પદાર્થોપર સ્વયમેવ પડે છે. ઘણે ભાગે સર્વ મનુષ્યો આનન્દની શોધમાં જ હોય છે, પરંતુ તેઓને આનન્દની પ્રાપ્તિ ત્વરાથી થતી નથી તેનું કારણ એ છે કે તેઓ જે વસ્તુઓમાં આનન્દનો સર્વથા અભાવ હોય છે તે વસ્તુઓમાં તેને શોધ્યા કરે છે. મનુષ્ય એમ સમજે છે કે દ્રવ્ય વા સંપત્તિની પ્રાપ્તિમાં આનંદ રહેલો છે, અથવા અમુક વસ્તુ મેળવવાથી પોતાને આનંદ મળશે; પરંતુ આ સર્વ ભ્રમિત વિચાર છે. વસ્તુતઃ અમુક વસ્તુ હોવા અથવા ન હોવા પર આનન્દનો આધાર છે એમ નહિ, પરંતુ હૃદયની શાન્તિપર તેનો ખરો આધાર છે. આનન્દ પ્રાપ્ત કરવા માટે કોઇ પ્રકારના પરિગ્રહ વા આડમ્બરની આવશ્યકતા નથી. ચિત્તની શાંતિ અને એકાગ્રતાનુંજ નામ આનન્દ છે. આ વાત પ્રત્યેક મનુષ્યને પ્રત્યેક અવસ્થામાં સુલભ છે અને તેનાથી મનુષ્ય પોતે સ્હેલાઈથી પ્રાપ્ત કરી શકે છે. આમ હોવાથી આનન્દ પ્રાપ્તિ માટે અન્ય વસ્તુઓપર આધાર રાખવાની આવશ્યકતા નથી. જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુઓનો મનુષ્યો સંગ્રહ કરે છે તેની સાથે આનન્દને કશો સંબંધ નથી. મનુષ્યના આત્માની જે કાંઈ ઉન્નતિ અથવા અવનતિ થાય છે તેના ઉપર સુખ દુઃખનો પ્રથમ આધાર છે.

અનેક અવસ્થાઓ એવી હોય છે કે જે સ્થૂલ દષ્ટિએ આનન્દસમાન પ્રતીત થાય છે, પરંતુ વાસ્તવિક રીતે એમ હોતું નથી. એક અવસ્થા એવી હોય છે કે જેમાં મનુષ્યને ઇચ્છાનુસાર વસ્તુઓ મળે છે, અને તે એને આનન્દ સમજવા લાગે છે; પરંતુ ખરી રીતે જોતાં તે અપૂર્ણ હોય છે. જો કે તેની અંદર આનન્દનો કંઇક અંશ આવી જાય છે, પરંતુ તેને સંપૂર્ણ આનન્દ કહી શકાતો નથી. આવી અવસ્થામાં મગ્ન થઈ જવું તે પૂર્ણને બદલે અપૂર્ણનો સ્વીકાર કરવા જેવું છે. વળી એક અવસ્થા એવી પણ છે કે જેમાં આપણી ઇચ્છાઓ અને આપણી ઇચ્છિત વસ્તુનું એકત્વ થઇ જાય છે. આ અવસ્થાને પણ સંપૂર્ણ આનન્દની અવસ્થા કહી શકાતી નથી; કેમકે જ્યાં સુધી તે બન્નેમાં એકતા હોય છે ત્યાંસુધી જ એ અવસ્થા ટકે છે, પરંતુ સ્હેજ અંતર થાય છે કે તરત જ ઉકત અવસ્થામાં ભંગ પડે છે. મનુષ્યની ઇચ્છાઓમાં હમેશાં પરિવર્તન થયા કરે છે. એક વસ્તુ પ્રાપ્ત થાય કે પછી તરતજ બીજી વસ્તુ પ્રાપ્ત કરવા માટે ઇચ્છાનો ઉદ્દભવ થાય છે. હજી તો એક ઇચ્છા પૂર્ણ થતી નથી ત્યાં બીજી ઇચ્છા પેદા થાય છે; પરંતુ ઇચ્છિત વસ્તુ મળવામાં જરા પણ વિલંબ થાય છે તો અશાંતિ થવા લાગે છે. ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ તો દૂર રહી, પરંતુ કદાચ કોઇ માણસને સંસારની સમગ્ર વસ્તુ પ્રાપ્ત થાય તો પણ તે આનન્દથી વંચિત રહી શકે છે; કેમકે આત્મિક સુખ એજ ખરો આનન્દ છે, જે શારીરિક અને માનસિક સુખોથી ભિન્ન છે.

લોકો સંતોષને પણ કેટલીક વખત આનન્દ માની બેસે છે, પરંતુ મનુષ્યો જેને સંતોષ માને છે તે સંતોષ કહેવાતો નથી. સંતોષમાં નિરાશાનો કંઇક અંશ હોય છે. આથી મનુષ્યોને અસલી વસ્તુઓને બદલે કૃત્રિમ–નકલી વસ્તુઓથી ચલાવી લેવું પડે છે. સંતુષ્ટ મનુષ્યને દુધને બદલે છાશ આપવામાં આવશે તો તે પીવાથી તેને પયઃપાન જેટલી પ્રસન્નતા થશે. કોઇ ભૂતકાળના આનંદદાયક પ્રસંગનું સ્મરણ કરીને પણ સંતોષી મનુષ્ય પ્રસન્નચિત્ત બને છે. સંતોષથી મનુષ્યની માનસિક અને નૈતિક શક્તિ નિર્બલ બની જાય છે અને તે ઉચ્ચગામી થવાને પ્રયત્નવાન થઇ શકતો નથી. સંતોષ એ એક પ્રકારનો ઉત્તમ ગુણ છે એ નિઃસંદેહ છે, દરેક મનુષ્યમાં સંતોષ અવશ્ય હોવો જોઇએ; પરંતુ સંતોષ આત્મોન્નતિમાં બાધ કર્તા ન થઇ પડે એ ખાસ લક્ષમાં રાખવાનું છે. મનુષ્યે દિનપ્રતિદિન આગળ પ્રગતિશીલ રહેવું જોઇએ. એક ઇચ્છિત વસ્તુ મળે તે સમયે અવશ્ય સંતોષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવો જ જોઇએ, પરંતુ આથી એમ સમજવાનું નથી કે તેને હમેશને માટે સંતોષ થવોજ જોઇએ અને તેણે નિરંતર એક જ સ્થિતિમાં પડ્યા રહેવું જોઇએ. જે કાંઇ મનુષ્યની પાસે હોય તેનાથી તે સમયે તો તેણે સંતોષ રાખી લેવો જોઇએ; પરંતુ તેની વૃદ્ધિને માટે સતત ઉદ્યોગ કરતા રહેવું જોઇએ. ધન ધાન્યથી સંતુષ્ટ થઇ શકાય, પરંતુ ગુણપ્રપ્તિ કરવામાં અને આત્મોન્નતિ સાધવામાં કદિ પણ સંતોષને સ્થાન મળવું જોઇએ નહિ. જ્યાં સુધી મનુષ્ય અનન્તગુણ ધારણ કરે ત્યાં સુધી ગુણોની વૃદ્ધિ અને વિકાસ કરતાં તેણે અટકવું જોઇએ નહિ.

આ ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે સંતોષને અને પ્રસન્નતાને આનન્દ કહી શકાશે નહિ. પ્રસન્નતા અલ્પ સમય પર્યંત રહેનારી વસ્તુ છે, પરન્તુ આનન્દ સદા કાળ ચિરસ્થાયી છે. વિવેકશકિતથી પ્રતિકૂળ વર્તવાથી પણ પ્રસન્નતા મેળવી શકાય છે, પરંતુ આનન્દ કદાપિ મેળવી શકાતો નથી. કોઇ વખત પ્રસન્નતા દુઃખનું રૂપ ધારણ કરી શકે છે, પરંતુ આનન્દ તો સદૈવ આનન્દ જ રહે છે.

મનુષ્યો એવા પ્રાણી છે કે જેઓ વાસ્તવિક આનન્દ પ્રાપ્ત કરી શકે છે. અન્ય પ્રાણીઓ ઉપર્યુકત અવસ્થામાં જ રહે છે. વાસ્તવિક આનન્દ એ છે કે જેમાં જીવન અને જીવનના ઉદ્દેશમાં સંપૂર્ણ સમભાવ હોય છે. આ પ્રકારનો આનંદ કોઇ પણ મનુષ્ય પોતાને માટે સ્વયમેવ પ્રાપ્ત કરી શકતો નથી. જ્યારે કોઇ વ્યકિત નિર્લેપ બની પરમાર્થકાર્યમાં જીવન વ્યતીત કરે છે ત્યારે આનન્દ સ્વયમેવ પ્રાપ્ત થઇ જાય છે. આનન્દ આત્માનો ગુણ છે અને એ અવસ્થામાં એ સ્વયમેવ પ્રકટીભૂત થાય છે. પરંતુ કોઇ પણ મનુષ્ય આનન્દને પોતાના જીવનનું ઉદ્દેશ્ય અથવા સાધ્ય બનાવવાથી આનન્દ પ્રાપ્ત કરી શકતો નથી. આ વાત સર્વથા અસંભવિત છે. જો તમારી ઇચ્છા વાસ્તવિક આનન્દ મેળવવાની હોય તો હમેશાં તમારા ઉદ્દેશ્ય અથવા સાધ્યને ઉચ્ચ બનાવવા યત્ન કરો. અન્ય મનુષ્યોના આનન્દને તમારા પોતાના આનન્દ કરતાં ઉત્કૃષ્ટ માનો. પરહિતાર્થે સ્વાર્થની આહુતિ આપો. ધનથી પ્રસન્નતા મેળવી શકાય છે, સંતોષ અને સંતુષ્ટતા પણ મેળવી શકાય છે; પરંતુ આનન્દ એવી વસ્તુ નથી કે જે ધનથી મેળવી શકાય. તે સત્ય જીવનથી મળી શકે છે. આનન્દ સત્યાર્થ જીવનનુંજ અંગ છે. તે કદાપિ એનાથી પૃથક્ હોઇ શકેજ નહિ. આનંદ શાંતિનો ભંડાર છે અને નિરાશાયુકત ઉદ્યોગથી દૂર રહે છે—અપ્રાપ્ય છે. જે વસ્તુઓ સ્વાર્થની સીમાની બહાર છે એવી વસ્તુઓના પ્રેમ પર આનન્દનો આધાર રહેલો છે. જગત્માં આનન્દના પ્રત્યેક ઉદાહરણ લઇ તેનું પૃથક્કરણ કરશો તો તમને સ્પષ્ટ પ્રતીતિ થશે કે તે સર્વમાં પ્રેમનું તત્વ નિગૂઢ રહેલું છે. તે પ્રેમ માતા પિતાનો પોતાના બાળકો તરફ હોય, અથવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્ત્રીપુરૂષનો પરસ્પર પ્રેમ હોય, અથવા ગમે તે રૂપમાં તે પ્રેમ માનવ જાતિ તરફ હોય, અથવા તે પ્રેમ જીવનના કોઈ પ્રથમ કાર્યનો હોય કે જેને વાસ્તે દરેક મનુષ્ય પોતાની સઘળી શક્તિઓને ઉપયોગમાં લે છે, પરંતુ પ્રેમ તો અવશ્ય હોય છે જ.

જે મનુષ્યમાં આશા, વિશ્વાસ અને સત્ય દ્દઢ પ્રેમ હોય છે તે મનુષ્ય આનન્દ મેળવી શકે છે. નિરાશાભરેલા વા નિકૃષ્ટ વિચારોને નિરંતર સેવનાર મનુષ્યને આનન્દની પ્રાપ્તિ થઈ શકતી નથી. આવા મનુષ્યોને પોતાના હૃદયની ક્ષુલ્લકતા દૃષ્ટિગત હોય છે અને તેઓ એમજ સમજતા હોય છે કે જગત્ ક્ષુલ્લક હૃદયવાળા મનુષ્યોથી ભરેલું છે. તેઓની સ્થિતિ ઘુવડની જેવી હોય છે જે સૂર્યનો પ્રકાશ ન જોઈ શકવાથી એમ જ સમજે છે કે દિવસે પણ અંધકાર જ રહે છે. જ્યારે નિરાશા વૃદ્ધિગત થાય છે ત્યારે આવા મનુષ્યો મૃત્યુને ઇચ્છે છે અને તેઓના મનમાં એવા વિચારો ઘુસવા લાગે છે કે આ જીવનમાં તો આનન્દ મળ્યો નહિ, તો તે મૃત્યુથી મળશે.

વિશ્વાસના અભાવમાં પણ આનન્દનો અભાવ જ રહેલો છે. જે મનુષ્યને બીજા લોકો પર વિશ્વાસ નથી હોતો, જે કેવળ પોતાને સત્ય અને બીજાને જુઠા જાણે છે તેને પણ કદિ આનન્દ મળી શકતો નથી. ઔરંગઝેબ મહા પ્રતાપી મુગલ સમ્રાટ્ હતો, પરંતુ તેને બીજા લોકોપર લેશ માત્ર વિશ્વાસ ન હોતો. પોતાના પુત્રો પર પણ તેને જરા પણ વિશ્વાસ ન હતો તો બીજાની વાત જ કયાં કરવી ? આજ કારણથી તે જીંદગીપર્યંત આનન્દથી વંચિત રહ્યો હતો. મૃત્યુના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ તેના ભયમાં વિલક્ષણ વધારો થવા લાગ્યો. મહાન રાજ્યનીતિજ્ઞ બિસ્માર્ક પણ આ અવગુણને લઇને જ આનન્દ મેળવી શકયો નહોતો.

અત્ર પ્રશ્ન ઉપસ્થિત થશે કે આનન્દ મેળવવા માટે કયી વસ્તુઓ આવશ્યક છે ? તેના ઉત્તરમાં એજ જણાવવાનું કે પહેલાં તો એ આવશ્યક છે કે આનન્દાભિલાષી મનુષ્યોએ પોતાના જીવનનું ઉદ્દેશ્ય ઉચ્ચ બનાવવું જોઇએ અને કેવળ નિઃસ્વાર્થવૃત્તિથી લોકસેવા તથા પરોપકાર નિમિત્તે જીવન અર્પણ કરી દેવું જોઇએ.. મનુષ્ય-જીવન એવી વસ્તુ નથી કે જે ઇચ્છામાં આવે તેમ વ્યતીત કરી શકાય; પરંતુ તે એવી વસ્તુ છે કે જેમાં પોતાનો અભીષ્ઠ ઉદ્દેશ્ય સાધી શકાય. તેથી જ તે જેમ તેમ કરી પૂર્ણ કરી દેવાનું નથી, પરન્તુ એમ સમજવું જોઇએ કે સ્વપરનું શ્રેય સાધવા માટે આ મનુષ્ય-જીવન એક અમૂલ્ય પ્રસંગ છે અને આ મનુષ્ય-શરીર એક કિંમતી સાધન છે, અને તેથી આ હાથ આવેલા સુપ્રસંગને જવા દેવો જોઇએ નહિ. ચિંતામણી રત્ન સમાન આ મનુષ્ય જન્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્યંત કઠિનતાથી મળે છે, અને જો તે વ્યર્થ જશે તો ચિંતામણી રત્ન પામી તેને સમુદ્રમાં ફેંકી દીધા જેવું થશે. આ મનુષ્ય-જીવનનો ઉદ્દેશ કેવળ દ્રવ્ય સંચય કરવાનો નથી. જે મનુષ્યમાં સ્વાર્થની ગન્ધ નથી, જેના હૃદયમાં પ્રેમ અથવા અનુરાગનો પ્રવાહ અસ્ખલિત વહે છે, જે અન્ય મનુષ્યોને સહાયભૂત થવાને તેમજ તેઓની વિટંબનાઓ અને વિપત્તિઓ દૂર કરવા માટે સદા સર્વદા તન મન ધનથી કટિબદ્ધ રહે છે અને જે અન્યના સુખની ખાતર પોતાના સુખ અથવા આનન્દની આહૂતિ આપી શકે છે તેજ મનુષ્ય આનન્દના ખરેખરા માર્ગપર છે એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. આનન્દમાર્ગપર વિચરનાર મુસાફર હમેશાં ઉદ્યોગી, ઉત્સાહી અને સાહસિક હોય છે અને પોતાના જીવનના ઉદ્દેશાનુસાર હમેશાં નિર્ભયપણે સ્વીકૃત કાર્યમાં મગ્ન રહે છે.

આનન્દ મેળવવા માટે માનસિક એકાગ્રતાની પણ અત્યંત અગત્ય છે. એનાથી જીવન સાદું તેમજ સારગર્ભિત બને છે. જે જે નકામી બાબતો હોય છે તે સર્વ દૂર થાય છે. શારીરિક, માનસિક અને નૈતિક શક્તિનો હ્રાસ કરનાર ચિંતા, ભય અને પશ્ચાત્તાપ ને હૃદયમાંથી કાઢી નાંખવા જોઇએ. તમારા જીવનનો ઉચ્ચ ઉદ્દેશ નિશ્ચિત કરો, જેથી સર્વ શક્તિઓ એકત્રિત બની જાય અને મન એટલું બધું મગ્ન થઇ જાય કે દુઃખનો અંશ પણ ન રહે. આથી મનને એકાગ્ર કરવામાં ઘણી સાહાય્ય મળશે. યુદ્ધની અંદર વીર યોદ્ધાઓ પોતાના કાર્યમાં એટલા બધા તન્મય બની જાય છે કે પોતાના શરીરપર પડતા ઘાનું તેઓને ભાન રહેતું નથી. આ પ્રમાણે મનુષ્યો પોતાના જીવનનો કોઇ ઉચ્ચ ઉદ્દેશ્ય બનાવીને તેમાં એટલા બધા તન્મય થઈ શકે છે કે તેનાપર નાના અથવા મોટા દુઃખની લેશ પણ અસર થઈ શકતી નથી, અને નિકૃષ્ટ કોટિનું જીવન પણ માનસિક એકાગ્રતાથી સ્વચ્છ, ઉદાત્ત, અને પવિત્ર બની જાય છે. કોઇનાપર વૈર લેવાના અથવા કૂટનીતિથી વર્તવાના વિચારને અવકાશ જ નથી મળતો. આ ગુણથી મનુષ્ય શાંતિ મેળવી શકે છે અને વાસ્તવિક આનન્દનું રહસ્ય સમજવા લાગે છે.

આનન્દ મેળવવા માટે એક બીજા ગુણની પણ આવશ્યકતા છે. તે એ છે કે જો આપણને કોઈ ખરાબ ટેવ પડી ગઇ હોય તો તેના પર આપણે વિજય મેળવવો જોઈએ. સંસારમાં લક્ષ્મી અથવા માયા મનુષ્યને અતિશય મુગ્ધ કરી મુકે છે. બીજા લોકોને જોઇને મનમાં ચિત્ર વિચિત્ર ભાવ ઉત્પન્ન થાય છે. જો મનુષ્ય જુએ છે કે જગત્માં સત્યનિષ્ઠ માણસો દુઃખી અને નિર્ધન અવસ્થા ભોગવે છે, અને અસત્યવાદી, કપટી તથા ધૂર્ત લોકો આનન્દ કરી રહ્યા છે તો તેના મનમાં કંઇ કંઇ તરેહના વિચિત્ર ભાવો પ્રકટ થાય છે. આ સમય તેની પરીક્ષાનો છે. જો તે વખતે તેનું અધઃપતન થાય છે તો તે સદાને માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેજ સ્થિતિમાં રહે છે અને તેમાંથી તે કદી ઉધ્ધૃત થઇ શકે એ આશા પણ વ્યર્થ છે; પરંતુ એ સમયે બાહ્ય લાભની કશી પરવા કર્યા વગર સત્યને સત્યની ખાતર જ ગ્રહણ કરવું જોઇએ અને એના ઉપર દૃઢ વિશ્વાસ રાખવાથી આનન્દનો માર્ગ સુલભ થાય છે. 'शठं प्रति शाठ्यं कुर्यात्' એ કહેવતને માનનાર ઘણા મનુષ્યો દુનિયામાં દૃષ્ટિગોચર થાય છે; પરંતુ એનું નામ આત્મનિર્બલતા છે. આખા જગત્‌ને વશ કરવાના કાર્યમાં તમે ઉદ્યુક્ત થાઓ તે પહેલાં તમારે તમારી જાતને વશ કરવાની અનિવાર્ય અગત્ય છે. ઇન્દ્રિયોપર વિજય મેળવનારને અને પોતાની ઇચ્છાઓનો નિરોધ કરનારને જ ખરેખરો વિજયી લેખવામાં આવે છે. પ્રવાહની સાથે તો નિર્બલ પણ વહી જાય છે, એ કાર્યમાં કઠિનતા છે જ નહિ; પરંતુ પ્રવાહની વિરૂદ્ધ દિશામાં ચાલવામાં જ બળની આવશ્યકતા છે. સંસારની ઉપાધિઓથી મનુષ્ય તંગ બની જાય છે. સર્વત્ર લોકોમાં પરસ્પર ઇર્ષ્યા અને દ્વેષ જોવાથી મનમાં દયાની લાગણી ઉત્પન્ન થાય છે. એવી બાબતોમાં તમારૂં જીવન નિર્વહન ન કરો. એ સર્વથી તમારી જાતને ઉચ્ચ બનાવો. એવી અવસ્થા મેળવો કે જેમાં એ બાબતોની કિંચિત્ પણ સત્તા ન ચાલે, અને તેનું નામ જ વિજય છે. મનુષ્યે વાસ્તવિક વિજય તો ત્યારે જ મેળવ્યો કહેવાય કે જ્યારે તેને ધન, સંપત્તિ, કીર્તિ તથા સફલતાની ઇચ્છાનુસાર પ્રાપ્તિ થતી હોય, ત્યારે જો તે સર્વ અન્યાય, અનીતિ અથવા કપટથી મેળવાતું હોય તો તેને તિલાંજલી આપવામાં તે એક ક્ષણનો પણ વિલંબ ન કરે, પૈસાને જુતી સમાન સમજે, લોભવૃત્તિને પોતાની પાસે ન આવવા દે, પોતાના સિદ્ધાંતોને મજબૂત વળગી રહે, અને સત્ય માર્ગથી જરાપણ ચલિત ન થાય. આનું નામ જ વિજય છે અને આ વસ્તુ જ મનુષ્યને વાસ્તવિક આનન્દની નિકટ લઇ જાય છે.

આ ઉપરાંત વિવેકશક્તિ પણ આનન્દ પ્રાપ્તિમાં સહાયતા કરનારી છે. જ્યારે કોઇ પણ મનુષ્ય કાંઇ અનુચિત કાર્ય કરવા તત્પર બને છે ત્યારે તેનું હૃદય કંપે છે, તેનો અંતરાત્મા તેને કામ કરતાં અટકાવે છે. આવાં કાર્યો કદાપિ ન કરવા જોઇએ. જ્યારે મનુષ્યમાં પોતાના અંતરાત્માના આદેશાનુસાર કોઇ જાતની યુક્તિનો પ્રયોગ કર્યા વગર કોઇ પણ કાર્ય કરવાની શક્તિ આવે છે ત્યારે તેને તેનાથી વાસ્તવિક આનન્દનો અનુભવ થવા લાગે છે. જે મનુષ્યમાં ઉપર્યુક્ત ગુણ વિદ્યમાન છે તે જ પોતાના અંતરાત્માપર વિશ્વાસ રાખી શકે છે. તેનો અંતરાત્મા હમેશાં તેને સન્માર્ગેજ લઇ જશે. ઉપરાંત તેને સંસારમાં કોઇથી બ્હીવાની જરૂર રહેશે નહિ. દરેક કાર્યમાં તેનો અંતરાત્મા જ તેનો માર્ગદર્શક બનશે.

ઇચ્છાઓ મનુષ્યને દુ:ખની નજીક લઇ જનારી છે. જ્યારે મનુષ્યને કોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસ્તુ મેળવવાની ઇચ્છા થાય છે ત્યારે અમુક સમય સુધી તે આનન્દથી વંચિત રહે છે. ઇચ્છાઓ પણ બે પ્રકારની છે—એક લેવાની ઇચ્છા અને બીજી આપવાની ઇચ્છા. પહેલી ઇચ્છામાં આનન્દનો અભાવ છે, પરંતુ બીજા પ્રકારની ઇચ્છામાં તેનો સદ્‌ભાવ છે. જ્યારે મનુષ્ય આનન્દમય અવસ્થામાં પહોંચે છે ત્યારે ત્યાં દુઃખનો અંશ પણ રહેતો નથી. જે બાબતોથી પહેલાં તેને દુઃખ થતું હતું અથવા ક્રોધ થતો હતો તેનાથી જ તેને પ્રેમ અને સહાનુભૂતિ ઉપજવા લાગે છે. જો આપણે વાસ્તવિક આનન્દનો અનુભવ કરવા ઇચ્છતા હોઇએ તો આપણે બીજા લોકોને આનન્દિત બનાવવા, તેઓને દુઃખથી બચાવવા, અને તેઓના હૃદયને પ્રફુલ્લિત બનાવવા અવિરત યત્નો આદરવા જોઈએ. આમ કરવાથી વાસ્તવિક આનન્દનું રૂપ સ્વયમેવ પ્રકટીભૂત થવા લાગશે. જે મનુષ્ય કોઇપણ માણસના હૃદયને પ્રસન્ન કરવાના સુયોગની શોધમાં રાત્રિદિવસ રહે છે તે સંસારનું જેટલું ભલું સાધી શકે છે તેટલું જગતના મોટામાં મોટા વીરપુરૂષો પોતાના વીરતાભર્યા કાર્યોથી સાધી શકતા નથી.

જો આપણે વાસ્તવિક આનન્દની અભિલાષા રાખતા હોઈએ તો આપણે નવીન ઉત્સાહ અને નવીન શક્તિથી અન્ય માણસોને આનન્દિત બનાવવા સતત વિચાર અને પ્રયાસ કરવા જોઇએ, પરહિત સાધવાની શક્તિને બલવત્તર બનાવવી જોઇએ અને આપણા પોતાના વિશિષ્ટ ઉદ્દેશથી વિચલિત થવું જોઇએ નહિ. જો આ ઉદ્દેશ અનુસાર દેશના ભિન્ન ભિન્ન સમાજો અને મંડળો કાર્ય કરવા લાગે અને સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરી દયા અને સ્નેહભર્યાં કાર્યોથી સંસારને અનેકધા લાભકારક નીવડે તો દરેક ગૃહમાં આનન્દવાદ્ય વાગવા લાગશે, સર્વત્ર આનન્દ આનન્દ વર્તી રહેશે અને સર્વ લોકો વાસ્તવિક આનન્દ મેળવવાના માર્ગપર ગમન કરવા લાગશે. આવા શુભ સમયનું આગમન સત્વર થાઓ એ શુભેચ્છા સહિત અત્ર વિરમવામાં આવે છે. इति शुभम् ॥

# ચાતકાન્યોક્તિ.

રચનાર—રા. રા. "ષડ્‌ગુણ" (ભાવનગર)

**શાર્દૂલવિક્રીડિત.**

( ૧ )

ઉત્કંઠિત રહી બહુ વખતથી તેં આચર્યું દુસ્તપ,[1]
તોયે ભાગ્યવશાત્ પડ્યું ન મુખમાં એકેય બિન્દુ તવ;[2]

૧ કઠણ તપ. ૨ તારા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તું તો થયો ન ચલિત તોય તપમાં સાબાશી તેથી ઘટે,
છે તું પર્વતના સમો અડગ ના દુઃખે ડગ્યો તું સખે[3] !

( ૨ )

ના તેં મેડકવત્[4] પીધું જલ સખા ! પૃથ્વીપરે જે પડ્યું,
થૈને સાવ નિરાશ તેં વ્રત નહિં તારૂં ત્યજી છે દીધું;
ધાર્યું ધૈર્ય બહુ જ તેં નહિં જરા મુંઝાઇ ગયો ચિત્તમાં,
લોભાયું ન ઉદાર ચિત્ત તુજનું જોઇ સુખી દેડકાં.

( ૩ )

હાવે દુસ્તપ તુંજનું નિરખીને જો આર્દ્ર[5] થયું છે નભ,[6]
ને આ મુખ વિષે પડ્યું જલ ટીપું તેથી સુખી થા સખ !
ઈચ્છા જો ઇશની હશે પ્રિય સખે ! બિન્દુ વધુ પામશે,
તેથી તું તપમાં હજી અડગ થૈને ધૈર્યને ધારજે.

( ૪ )

વારિ[7] દેખી નદી તથા સરતણું[8] લોભાઇ તું ના જતો,
થોડા દિ' વરસે ન વારિવહ[9] તો નિરાશ ના તું થતો;
કો' દિ' તો વરસે જ વારિવહ ના સંદેહ તેમાં જરા,
આવું જાણી વિચાર ભૂજલતણા[10] ના ચિત્તમાં લાવવા.

# સુખદુ:ખની ભાવનાથી ઘડાતું જીવન.

જૈનદૃષ્ટિએ જેને 'ભાવમન' કહેવામાં આવે છે તે વાસ્તવિક રીતે સુખ-દુ:ખની ભાવનાનું મૂળ કારણ છે. આત્મા મનને યોગ્ય અણુઓ ગ્રહણ કરી તેને પોતાના સંસ્કાર અનુસાર જે જે વિષયોમાં પ્રવર્તાવે છે તે મનનો એક પ્રકારનો વ્યાપાર છે અને તે સુખ દુ:ખની ભાવનાને પ્રકટાવે છે. ઉચ્ચ મનોબળવાળા પ્રાણીઓ સુખ દુ:ખની આ ભાવનાનું પોતાની શક્તિ-ક્ષયોપશમ શકિત અનુસાર -પરિવર્તન કરી શકે છે. દુ:ખ ઉત્પન્ન થાય તેવાં નિમિત્ત કારણો પોતાની સન્મુખ આવવા છતાં તેથી થતી દુ:ખરૂપ ભાવના પ્રકટવા નહિ દેતાં સુખરૂપ ભાવના ઉત્પન્ન કરે છે અને એ રીતે પોતાના આત્મબળની ઉન્નતિ સાધવાની કળાને અભ્યાસ વડે વધારી શકે છે.

૩ હે મિત્ર. ૪ દેડકાની જેમ. ૫ ભીંતું. ૬ આકાશ. ૭ પાણી. ૮ સરોવરનું. ૯ વાદળું ૧૦ પૃથ્વીના પાણીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખને સુખમાં પરિવર્તન કરાવનારી આ કળા આત્માના વિકાસક્રમમાં અગત્યનો હિસ્સો આપે છે. કેમકે **શાસ્ત્રમાં** સ્થળે સ્થળે કહેવામાં આવેલું છે કેઃ– **मन एव मनुष्याणां कारणं बन्ध मोक्षयोः** એ સૂત્ર અનુસાર મનોબળને દૃઢ કરવાનો વારંવાર ઉપદેશ આપવામાં આવ્યો છે. મનુષ્યને પાંચ ઇંદ્રિયના વિકાસથી જે કાર્ય સધાતું નથી તે મન અવશ્ય સાધી આપે છે એટલુંજ નહિ પરંતુ તે પાંચે ઇંદ્રિયોના વિકાસ ઉપર અપ્રતિમ કાબુ ધરાવનાર મનજ છે. આત્માને કયે રસ્તે દોરી જવો એ મનરૂપ અશ્વનું જ કર્તવ્ય છે.

નિમિત્ત કારણો હમેશાં મન ઉપર જુદી જુદી અસરો પ્રકટાવે છે. આ મન આત્માના કાબુમાં ન રહેતાં ઉલટું આત્માને પોતાના અણુઓના બળને અનુસારે આધીન કરી મુકે છે. મનના અણુઓમાં સ્પર્શ–રસ–ગંધની શક્તિઓ વિવિધ પ્રકારની છે. તે અણુઓના વર્ણો તો આધુનિક વિજ્ઞાનવડે (Science) સાબીત થઇ ચૂકેલા છે. શ્રીમદ્ વિનયવિજયજીએ લોકશાસ્ત્રમાં સ્પર્શાદિકની હકીકત સંક્ષિપ્તમાં સુંદર રીતે દર્શાવેલી છે. આથી આ અણુઓનું આત્મા ઉપર સ્વામિત્વ થયા પછી નિમિત્તકારણોની અસર કદી ફેરવી શકાતી નથી. જેથી વારંવાર ઇષ્ટાનિષ્ટ સંયોગોથી પ્રાપ્ત થયેલા સુખદુઃખના નિમિત્તકારણો વડે મન તે તે સુખદુઃખની ભાવનાઓ પ્રકટાવી વ્યર્થ કાળક્ષેપ કરી નાંખે છે, અને આત્માનો વિકાસ કરાવવાને સહાયભૂત થવાને બદલે આત્માને અધોગતિનું ભાજન બનાવે છે.

આ રીતે મન અને આત્માનો સંબંધ પરસ્પર સેવ્ય–સેવક ભાવનો મટી સેવક–સેવ્ય ભાવનો બનાવવાથી- સુખદુઃખને સમપણે વેદવાની આ કળાથી–મનુષ્યનું બાહ્ય અને આંતર જીવન સુંદર રીતે સુઘટિત થાય છે. આ કળા પ્રાપ્ત થયા પછી પ્રસંગોપાત પ્રાપ્ત થતા નિમિત્ત કારણોની અસર ફેરવાઇ જાય છે, એટલુંજ નહિ પરંતુ બીજાઓ ઉપર થતી દુઃખની અસરો–તેમને દુઃખી થયેલા–જોઇને તેમની માનસિક નિર્બળતાને લીધે જે અફસોસ તેમને પ્રકટ થતો હતો તે નહિ થવા દેતાં તેમનું વાસ્તવિક હિત સાધી શકે છે. પોતાના અથવા બીજાના દુઃખથી પોતાના અંતઃકરણને દુઃખી બનાવી શોકમગ્ન બેસી રહેવામાં ઇતિકર્તવ્યતા માનતા નથી. પરંતુ જીવનના સંગ્રહ કરેલા સામર્થ્યથી પોતાનું અને તેમનું સર્વોત્તમ હિત સાધે છે.

અન્ય મનુષ્યની દુર્બળતાને અને દુઃખને જોઇને ગ્લાનિ ન ધરતાં તેના આત્માની ઉચ્ચતામાં મનને જોડવાથી તેની નિર્બળતા અને દુઃખના ઉપાયો જલ્દી જડે છે, અને પરિણામે તેનું દુઃખ દૂર કરી શકાય છે. વિવેક દૃષ્ટિ સંપન્ન થયેલું મન પોતાનાં અને બીજાનાં બંધનો વધારતું જતું નથી, પરંતુ પડેલી ગાંઠોને છોડી દુઃખભાવના દૂર કરાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા મનુષ્યોને 'દુ:ખથી જ ઉન્નતિ અને વિકાસ સધાય છે.' એવી માન્યતા દૃઢ થયેલી હોય છે. ઘણા પ્રસંગોમાં દુ:ખ એ મનુષ્યોને સુખ કરતાં વધારે કલ્યાણકર બને છે. દુ:ખને શાંતિના રૂપમાં ગણાવનારી શકિત શ્રદ્ધા અને ધૈર્યરૂપ અદ્દભુત સદ્દગુણોને પ્રકટ કરાવે છે. દુ:ખમાં સુખબુદ્ધિ ધરનારને અર્થાત્ દુ:ખ મારૂં હિત જ કરે છે એવા નિશ્ચયથી દુ:ખના સમયમાં પ્રસન્ન રહેનારને દુ:ખ અપૂર્વ લાભ કરે છે, એટલુંજ નહિ પણ દુ:ખની સામે આત્મબળની કસોટી પૂર્ણ થયાના પરિણામે ચિરકાલીન શાંતિ પ્રકટ થાય છે.

નિમિત્ત અને ઉપાદાન કારણની સંકળના તપાસતાં તેમજ પરમાણુવાદ ( materialism ) ની અંતિમ દૃષ્ટિ ( last point ) સુધી પહોંચતાં અર્થાત્ તેનું મૂળ સ્વરૂપ લક્ષ્ય કરતાં સુખ અને દુ:ખ એ વેદનીય કર્મના અણુઓના બે જુદાં જુદાં સ્વરૂપો છે. મનના વલણ અનુસાર તે પોતપોતાનું કાર્ય બજાવતાં આત્મા ઉપર આનંદ કે દુ:ખની અસરો પ્રકટાવે છે. આ અસરથી બચવાનો અભ્યાસ પાડતાં પૂર્વોકત કળા સિદ્ધ થઈ મનુષ્યનું જીવન-અંતરંગ જીવન ઘડાય છે.

જેમના હૃદયમાં સ્વપરનું નિર્મળ ભાન જાગૃત થયેલું છે, જેમનું જીવન નિરંતર મન:સંયમના અભ્યાસથી ઘડાઇ ઉન્નતિક્રમમાં આગળ વધતું હોય છે, તેવા મનુષ્યનું કાર્ય પ્રાકૃતદૃષ્ટિએ ગમે તેવું જણાતું હોય તો પણ તેમનું આત્મ-સામર્થ્ય સદા બળવત્તર થતું જતું હોય છે. તેમનું હૃદય હર્ષ શોકના પ્રસંગોમાં રંગાતું નથી; કેમકે નિમિત્તકારણો, શરીર, મન, આધિ, વ્યાધિ અને ઉપાધિઓ એ 'હું' નથી-આ પ્રકારે સ્વરૂપજ્ઞાનના તીવ્ર શસ્ત્રથી તેમણે હર્ષશોકની ધાર બુઠ્ઠી કરી નાંખેલ હોય છે. અજ્ઞાનથી પ્રકટતી નિર્બળતા જ્ઞાનથી પ્રકટતી વિવેકશક્તિ આગળ ટકી શકતી નથી. જગત્ જેને મહાદુ:ખનો પ્રસંગ માનતું હોય છે તેવો પ્રસંગ પણ તેમના આત્માને સ્પર્શી શકતો નથી. તેમની તીવ્ર દૃષ્ટિ આગળ તેવા પ્રસંગોના વિકટપણાનો કડવો રસ મધુર બની જાય છે, અને દુ:ખ આપવાનું તે પ્રસંગનું બળ હણાઇ જાય છે.

આપણી સન્મુખ રહેલા પરમાત્મા મહાવીર, ગજસુકુમાર મુનિ, સ્કંદકાચાર્ય, મેતાર્ય, આનંદ અને કામદેવાદિના મહાન આદર્શોની પ્રેરકશકિત ( motive power ) આપણને સુખદુ:ખની ભાવનાઓ ઉપરના પ્રચંડ સંયમનો બોધ આપી રહી છે. પરમાત્મા મહાવીરે સુખના તમામ રસ્તાઓ શોધી તેમાં નિ:સારપણું અનુભવ્યા પછી જ પોતાનામાં તે સુખ પ્રકટાવ્યું હતું. તેમનો પરમ નિશ્ચય એ જ હતો કે જ્યાં સુધી સુખનો આધાર મનુષ્યો પોતાના ઉપર રાખતા નથી શીખતા ત્યાં સુધી તેમનું નિર્બળપણું નિવારી શકાતું નથી; જેટલે અંશે મનુષ્ય પોતાના સુખનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આધાર અન્ય પદાર્થ ઉપર રાખે છે તેટલે અંશે તે રંક અને દીન બની જાય છે. સુખ અને દુઃખ આવ્યા વગર રહેતાજ નથી. કર્માદિ પાંચ સમવાયો પોતાનું કાર્ય કર્યેજ જાય છે. પરંતુ તેથી ઉત્પન્ન થતી લાગણીઓની સામે જે શૌર્ય રાખવું જોઈએ તે નિમિત્તકારણોને સાક્ષી તરીકે માનવાથી પ્રકટ થાય છે અને સાત્વિક વૃત્તિ અધિકાધિક પ્રાપ્ત થાય છે.

જ્યારે જ્યારે મન પોતાના વ્યાપારમાં અમુકને સુખ અને અમુકને દુઃખરૂપે રજુ કરે છે ત્યારે તેને દૂરથી જ જોયા કરવાનો અભ્યાસ એ સુખદુઃખના પ્રસંગો ઉપર સ્વામિત્વ મેળવવાની કુંચી છે. આત્મા પોતે વિવેકદૃષ્ટિથી જાગૃત થઇ પોતાની મધ્યસ્થવૃત્તિ નિભાવી રાખે તો સુખદુઃખ એવું આંતરસૃષ્ટિમાં કશુંજ નથી. માત્ર કર્મના ઉદયવડે માનસિક વિકલ્પોમાં તે સૃજાય છે અને તે વિકલ્પોનો વિલય થયેથી સમાઇ જાય છે. તેથી જ શ્રીમદ્ દેવચંદ્રજી વદે છે કે:—

દુઃખ સુખરૂપ કર્મફળ જાણો, નિશ્ચય એક આનંદોરે
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિન ચંદોરે.

અર્થાત્:—વિશ્વના નિયમોની સત્તા દરેક પ્રાણી પદાર્થ ઉપર પ્રવર્તે છે. પદ-ર્થોનો સંયોગ–વિયોગ એ કર્મફળની સામગ્રીઓની ઘટના છે. તેમાં હર્ષ અથવા શોકને વશ થવું તેથી જગત્નો ક્રમ વશ થનાર આત્મા ઉપર વધવાનો અથવા ઘટવાનો નથી. ‘ હું ’ પણું એ ‘ અહંકાર ’ કે ‘ મમકાર ’ રૂપે નહિ પરંતુ ચૈતન્ય –સ્વરૂપે પરિણામ ન થતાં પ્રબળ સામર્થ્યવાન્ આત્માઓ સમદૃષ્ટિને અનુભવે છે.

એ જ મનુષ્યો સબળ છે કે જેઓનું હૃદય જ્ઞાનનું, આત્મભાવનું અને શુદ્ધ વૃત્તિનું નિવાસસ્થાન છે અને વસ્તુતઃ તેજ મનુષ્યો નિર્બળ છે કે જેમના અંતઃકરણમાં અહોનિશ ક્રોધ, ઇર્ષ્યા અને વૈરના વિચારો સેવાતા હોય. આવા નિર્બળ મનુષ્યોનું મન હમેશાં જીવનના અનેક સારા નઠારા પ્રસંગોની અસર ઝીલવા તૈયાર હોય છે; કેમકે પોતાની નિર્માલ્ય વૃત્તિઓથી દુઃખનું ભાન જલ્દી ગૃહણ કરતા હોય છે અને તે લાગણીનો સંચાર સર્વદા ખુલ્લો હોય છે. જ્યારે સબળ આત્માઓ એમ માને છે કે સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિનું અંતિમ ધ્યેય એ હોય છે કે ‘બાહ્ય સંયોગોની અસરથી મુક્ત રહેવું ’ ત્યારે તેઓ નિમિત્તકારણોવડે પ્રકટતી ઘટનાઓની અસર ઝીલતા નથી.

સબળ અને નિર્બળમાં, તેમજ જ્ઞાની અને અજ્ઞાનીમાં તફાવત એટલો જ છે કે જ્યારે જ્ઞાની જનો નિમિત્તકારણોથી રંગાતા નથી અને કદાચ પૂર્વકર્મની પરાધી-નતાથી લલચાય છે તો પણ પોતાની ભૂલ તરત સુધારી લે છે. ત્યારે અજ્ઞાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્બળ આત્માઓ પ્રત્યેક ક્ષુદ્ર નિમિત્તને વશ બની અનંત સામર્થ્યવાળા પોતાના આત્માને ભૂલી જાય છે—સ્વત્વ ગુમાવે છે. આત્માના ચતુર્થ પુરૂષાર્થ—મોક્ષ–ને માટે અવકાશ મુખ્યત્વે કરીને સમ્યગ્જ્ઞાન ઉપર રહેલો છે. સમ્યગ્જ્ઞાનવડે વિવેક-દૃષ્ટિસંપન્ન થયા પછી આત્મા સક્રિય બની પ્રસ્તુત અંતિમ લક્ષ્યસ્થાને પહોંચી શકે છે. સુખ દુઃખની ભાવનાનો કાર્યપ્રદેશ સ્થૂલસૃષ્ટિ ઉપર જ હોય છે. આત્માનું અંતરંગ જીવન બંને ઉપરના યથાર્થ સંયમવડે જ ઘડાય છે અને એ સમતોલપણું હમેશાં આત્મસૃષ્ટિ ઉપર પોતાનો કાર્યપ્રદેશ વિસ્તારે છે.

અનિત્યાદિ બાર ભાવનાઓનું જૈન શાસ્ત્રકારોએ સુખદુઃખના પ્રસંગો ઉપર સ્વામિત્વ મેળવવા માટે જ સૂચન કરેલું છે. આત્મબળની વૃદ્ધિ આ ભાવનાઓવડે નિરંતર થાય છે. આત્મસામર્થ્યનું ખરૂં મૂલ્ય કેટલાં પ્રતિકૂળ લાગતા નિમિત્તો સામે ગતિ ( motion ) કરી જય મેળવ્યો તે ઉપર છે.

સુખદુઃખનું સુકાન મનુષ્યમાત્રને પોતપોતાના હાથમાં જ સોંપાયેલું છે. ઇચ્છામાં આવે તો સ્વબળથી અથવા સત્સંગાદિ નિમિત્તકારણોથી સુખી થાય અથવા ઇચ્છામાં આવે તો પ્રતિકૂળ નિમિત્તકારણોને પર્વત જેવડા માની લઇ દુઃખમાં દબાય. ' જેવી ભાવના તેવી સિદ્ધિ ' એ સૂત્ર સર્વત્ર અબાધપણે કુદરતના નિયમ પ્રમાણે પ્રવર્તે છે.

અસામાન્ય શાંતિનો અનુભવ કરાવનાર જ્ઞાનસારમાં શ્રીમદ્ ઉપાધ્યાયજી મધુર વચનથી વદે છે કે:—

दुखं प्राप्य न दीनः स्यात् सुखं प्राप्य न विस्मितः ।

**અર્થાત્**:—પરમાત્મજીવન પ્રાપ્ત કરવાના સાધનરૂપ આંતરજીવન પ્રાપ્ત કરવા માટે પૂર્વોક્ત સમદૃષ્ટિવડે સુખદુઃખથી હર્ષશોકની અસર નહિ થવા દઇ મનુષ્ય-જીવનનું લક્ષ્યબિંદુ સદા દૃષ્ટિ સમીપ રાખવું જોઇએ. એ રીતે આંતરજીવન ઘડી સંસ્કારોને સમૃદ્ધ કરવા જોઇએ; જે સંસ્કારો અન્ય જન્મમાં આત્માનો વિકાસક્રમ સૃષ્ટિના કાર્યકારણના ( Law of Causation ) નિયમને અનુસરીને ઝડપથી કરે અને સુખદુઃખની અસરોને નિર્માલ્ય ગણી તે તરફ માધ્યસ્થ્યદૃષ્ટિ રખાવી આત્માને પોતાનું લક્ષ્યસ્થાન પ્રાપ્ત કરાવે.

ફતેહચંદ ઝવેરભાઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સમાજની આધુનિક સ્થિતિ—સડો કયા ભાગમાં છે?

લખનાર:—રા. પંડિત માવજી દામજી શાહ.

**પ્રસ્તાવના.**

એ તો સામાન્ય નિયમ છે કે જ્યારે કોઈ પણ એક અવયવીનો કોઇપણ અવયવ કાર્ય કરતો અટકી પડે છે, અગર તો જ્યારે એકાદ ઘડીયાળની કમાન તૂટી જાય છે, કિંવા એકાદ એન્જિનનું કોઈ મશીન અટકી પડે છે, ત્યારે સમૂળગું ઘડીયાળ ચાલતું બંધ પડે છે, તેમજ એન્જિન પણ પોતાની ગતિદ્વારા અમુક કાર્ય કરતું અટકી પડે છે. બસ, આજ પ્રમાણે જ્યારે એકાદ કોઈ સમાજયંત્ર ચાલતું અટકી પડે છે, ત્યારે તેનાં પ્રત્યેક મશીન પૂર્વે જે ક્રિયા કરતાં હતાં તે યંત્રના બગડ્યા પછી કરી શકતાં નથી. આ હકીકત જગતના પ્રત્યેક સમાજને લાગુ પડી શકે એવી છે. જ્યારે આ સમાજયંત્રનો કયો અવયવ કામ કરતો અટકી પડયો છે, અગરતો સડો કયા ભાગમાં પેસવા પામ્યો છે, તેનો સંપૂર્ણપણે વિચાર કરવામાં આવે છે, ત્યારે તેનો સુધારો કરવાનું કાર્ય પણ તેનો માલીક, અગ્રેસર, નાયક અગરતો નેતા, જે કહો તે વ્યક્તિ અથવા સમષ્ટિ જ્યારે સ્વીકારે છે, કબુલ કરે છે, એટલુંજ નહિ પરંતુ તદનુકૂલ પ્રવૃત્તિ સેવે છે, ત્યારે જ ભાંગેલો અવયવ સારો થાય છે, અર્થાત્ યંત્રની પૂર્વાવસ્થા પુનઃ પ્રાપ્ત થાય છે. પરંતુ જ્યાંસુધી ભાંગેલા, તૂટેલા અગરતો બગડેલા ભાગ તરફ માલીકનું લક્ષ દોરાતું નથી યાતો જાણ્યા પછી પણ સુધારવાની વૃત્તિ થતી નથી ત્યાંસુધી યંત્રદ્વારા જે ક્રિયા થયા કરે છે તજ્જન્ય કાર્ય પણ તેવુંજ થયા કરે છે, અને તેવું અરૂચતું પરિણામ પ્રાપ્ત થયેલું જોઈ મન દુભાય છે.

**સમાજયંત્રની પરીક્ષા.**

જ્યારે અંતઃકરણ–વૃત્તિ દુભાય છે, એકની દુભાતી વૃત્તિની અસર બીજાપર થાય છે, બીજાની ત્રીજાપર થાય છે, ત્રીજાની ચોથાપર, એમ અનુક્રમે ઉત્તરોત્તર સ્થાનિક સમાજપર અસર થાય છે, સ્થાનિક સમાજની ગ્રામાંતરગત–દેશાંતરગત–સમાજપર અસર થાય છે. એમ થતાં થતાં પરિણામે એ વૃત્તિ શાથી દુભાય છે? પ્રશ્ન તરફ સમાજના લોકોનું ચિત્ત ખેંચાય છે, અને સમાજ એ પ્રશ્નને છોડવા પોતાથી બનતો પ્રયત્ન સેવવા તત્પર બને છે. એ સ્થિતિપર અત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનસમાજ આવ્યો હોય એ નિષ્પક્ષપાત પ્રેક્ષકને દૃષ્ટિગોચર થયા વિના રહેશે નહિ, અને એના પરિણામે જૈન સમાજનો યુવકગણ ઐતિહાસિક દૃષ્ટિબિંદુએ સામાજિક પરિસ્થિતિ કેવી હોવી જોઇએ, એ જાણવાને આતુરતા ધરાવી રહ્યો જણાય છે. આ લેખના શિરોનામે ઉપસ્થિત કરેલા પ્રશ્નના વિષયમાં તલસ્પર્શ કરતાં જૈન સમાજની આધુનિક સ્થિતિ થવામાં–સમાજયંત્રને બગાડવામાં ન્હાનાં મ્હોટાં અનેક કારણો સમાયલાં છે. એ વિષયમાં ચંચુપાત કરનારાઓ માટે નીચે મુજબ ક્રમસર કારણો રજુ કરવામાં આવે છે. ખાસ કરીને જે ભાગમાં સડો પ્રવિષ્ટ થવા પામ્યો છે, તે ભાગઅને જેના પ્રતાપે જ સમાજમાં નકામા જેવું થઇ પડતું હોય તેવું, સડાને લગતું પ્રધાન કારણ શોધી કાઢવા જોઈએ, અને તેને માટે સામાજિક મુદ્દાઓનો ઉંડાણુથી અભ્યાસ કરવો જોઇએ. તેવો અભ્યાસ પ્રાપ્ત સંયોગો અને અનુભવથી જે થઈ શકયો છે તેનો કંચિત્ અંશે અહિં ઉલ્લેખ કરવામાં આવે છે–કેટલાએક સામાજિક મુદ્દાઓ વિષે વિચાર કરવામાં આવે છે. તે તરફ સમાજના નેતાઓનું લક્ષ ખેંચવા નમ્ર વિનતિ છે.

**(૧) સમાજનું કેળવણીનું ક્ષેત્ર.**

એટલું બધું સંકુચિત દશામાં છે કે અન્ય સમાજોએ કેળવણીમાં લગભગ સંતોષજનક સારો પ્રવેશ કર્યો હોય ત્યારે આ સમાજને તો તેનાં સ્વપ્નાં પણ આવતા હોતાં નથી. ટુંકામાં કહીએ તો બાળક કે યુવાન, સ્ત્રી કે પુરૂષ, કોઇને માટે કશોપણ કેળવણી સંબંધી સંતોષકારક પ્રબંધ નથી અને પરિણામે કેળવણીની ગેરહાજરીને લીધે રહી ગયેલ અર્ધદગ્ધ સ્થિતિમાંજ અવતાર પૂર્ણ કરવાની ફરજ પડે છે. ખરેખર, આ સ્થિતિ શોચનીય છે. એક વ્યક્તિનો કે સમષ્ટિનો આ પ્રમાણે અશિક્ષિત દશામાં અંત આવતો જોવામાં આવે છે અને તેનો સર્વ પ્રકારે વિકાસ થતો બંધ પડે છે ત્યારે હૃદય એમ અવશ્ય કહે કે એવું જીવન જીવ્યા તોય શું ? અને ન જીવ્યા તોય શું ખરેખર, એ જીવન એક કંગાળ જીવન છે. નિરર્થક છે.

સમાજના બાળકો કે યુવાનોએ સ્કુલમાં અગર કૉલેજમાં અમુક વર્ષો સુધી અમુક પ્રકારની કેળવણી લીધા પછી કોઈ કફોડા સંયોગોમાં મૂકાવાથી અપકવ દશામાં જ સ્કુલ અગર કૉલેજ છોડતા આપણા બાળકને અગર તો યુવકને કોઇ એમ પૂછે છે કે ભાઇ ! તેં કેમ સ્કુલ છોડી દીધી ? તેં કેમ કૉલેજ છોડી દીધી ? શી હરકત નડી ? શા માટે આમ અભ્યાસ અધવચથી જ પડતો મૂકયો ? ' છે કોઇ આવી હકીકતો મેળવી વિદ્યાર્થી માટે જ્યાંસુધી તે અમુક લાઈનને લગતી પૂરી કેળવણી લઈ પાર ન પડે ત્યાંસુધી સગવડ કરી આપનાર ખાતું ? ઉત્તર એવોજ મળશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે ' નથી. કેળવણી, જ્ઞાન જે મનુષ્યને વાસ્તવિક પ્રકારે મળે તો ખરેખર દેવ બનાવે છે તેને માટે જ્યારે મનમાનતો સંતોષ દૃષ્ટિગોચર ન થાય ત્યારે બીજા વિષય માટે કહેવું શું ? વસ્તુતઃ રાષ્ટ્રીય શિક્ષણશાળાઓની પદ્ધતિનો બરાબર અભ્યાસ કરી સ્થળે સ્થળે તેવી શાળાઓ ખોલવા પ્રયત્ન કરવો જોઇએ. પરંતુ જ્યાં આભ ફાટે ત્યાં થીગડું દેવાય ? એ કિંવદન્તી અનુસાર દેશવ્યાપી શિક્ષણ વિષયક સંસ્થાઓનો દુષ્કાળ દૃષ્ટિગોચર થતો હોય અગરતો સમાજમાં માત્ર રંક પ્રયાસજ જોવામાં આવતો હોય ત્યાં શું કહેવું અને શું કરવું ? એવા ઉદ્‌ગાર સહજ નીકળે છે. કદાચ સાંપ્રત સમયમાં મળતી કૉલેજની યાતો સ્કુલની કેળવણી મળે, તેથી પણ સંતોષ રાખી બેસી રહેવા જેવું નથી. તેમાં પણ અનેક તરેહના વાંધા છે. મ્હોટે ભાગે એક બી. એ. એમ. એ. એમ. બી. બી. એસ અગર એમ. ડી. બારીસ્ટર, સોલીસીટર પાછળ હજારોનો ખર્ચ કરવામાં આવ્યો હોય તોપણ પરિણામે સ્વાર્થીપણામાં–મોજશોખમાં તથા એકલપેટાપણા આદિ દોષોમાં ઉપરોક્ત પદવી ધરાવનાર વ્યક્તિઓની દશા નિરખવામાં આવે છે. એ કેળવણીની પદ્ધતિને લાંછન લગાડનાર હકીકત છે. અલબત, કેળવણી ઉત્તમ છે. કેળવણી, જ્ઞાન, શિક્ષણ, વિદ્યા એ લગભગ સમાનાર્થ શબ્દો છે. તેનો કિંવા તેમાં દોષ નથી, પરંતુ હાલમાં જે પદ્ધતિથી તે કેળવણી આપવામાં આવે છે તે ચલાવી લેવા જેવી નથી. તે ઉપયોગી નથી એટલુંજ નહિ પરંતુ સર્વ પ્રકારે અધોગતિએ લઇ જનારી છે. કેળવણીના ખરા હિમાયતીઓએ ઉપાધિઓને ( વિદેશીય શિક્ષણની પદ્ધતિપૂર્વક પ્રાપ્ત કરાતી ઉપાધિઓને ) ખરેખર ઉપાધિરૂપ ગણી તેની બીલકુલ દરકાર ન કરતાં દેશ માટે કઇ જાતની કેળવણી બંધ બેસતી જણાય છે તેનો બરાબર અભ્યાસ કરી તેવી કેળવણીનો પ્રચાર કરવાની અતિ આવશ્યકતા છે. આ દેશને હવે શેકસ્પીયર અને મિલ્ટનનાં કાવ્યોનાં ગાનોની જરૂર નથી,આ દેશને વ્યાકરણોનાં સૂત્રો કિંવા ન્યાયની અવચ્છેદકાવચ્છિન્નની પંક્તિઓ ઉચ્ચરાવી પાંડિત્યનો ડોળ કરાવવાની જરૂર નથી, પરંતુ વસ્તુતઃ દેશમાં કઇ વસ્તુની અનિવાર્ય આવશ્યકતા છે તે વિચારી તે પ્રાપ્ત કરાવવાની અતિશય જરૂર છે ?

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મારવાડમાં કેળવણીનો ઉગતો સૂર્ય.

## રૂપીયા પાંચ લાખનું ફંડ થવા વકી.

## એક મહાત્માનો સમાજ ઉન્નતિ માટે અપૂર્વ પ્રેમ.

સમય સમયનું કામ કર્યેજ જાય છે, એક જમાનો એવો હતો જ્યારે પૂર્વાચાર્યો ગમે તેવા સંકટો સહન કરીને ગમે તે સ્થળે વિહાર કરવાને ઉત્સુક રહેતા. અને પ્રાયઃ તેઓ એવા પ્રદેશમાં વિચરતા કે જ્યાં તેઓ વધુ ઉપદેશની જરૂર માનતા હોય, તથા જ્યાં તેમને વધુ ઉપકારનું કારણ મળી શકતું હોય. નહિ કે અત્યારની માફક એકાદ મોટા સગવડવાળા શહેરમાં તો બહુએ એકઠા થઈ જાય ;અને બીજા નાના ગામો સાધુ સમાગમ માટે દીનતાપૂર્વક વિનંતી કરવા છતાં પણ ટલવલતાં ફરે. પરંતુ અત્યારની મારવાડની ચાલતી પ્રગતિમય પ્રવૃત્તિએ :બતાવી આપ્યું છે કે શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરનાં પ્રશિષ્ય **મુનિરાજશ્રી વલ્લભવિજયજીની** માફક શુષ્ક અને અજ્ઞાન પ્રદેશમાં આહારવિહારનાં દુઃખોને પણ સહન કરીને પોતાનાં પૂર્વાચાર્યોનાં પગલે ચાલીને જમાનાને અનુસરતો ઉપદેશ અપાય તો જૈન કોમની ઉન્નતિ જલદીથી થાય એ નિર્વિવાદ છે.

ચાલુ પ્રસંગનું બ્યાન આપતાં પહેલાં ઓળખાણ સ્વરૂપે ઉક્ત મુનિરાજનો અત્યાર પહેલાનો ચાલુ જમાનાને અનુકૂલ ઉન્નતિનાં સર્વશ્રેષ્ઠ સાધનરૂપ કેળવણી તથા વિદ્યાપ્રચાર માટેનાં અથાગ પરિશ્રમનો પરિચય જો કે અનેકવાર જનસમાજમાં મુકાયો છે, છતાં અત્રે સંક્ષિપમાં જણાવવો અસ્થાને નહિં ગણાય.

પ્રાતઃ સ્મરણીય પરમપૂજ્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરનાં પ્રશિષ્ય મુનિરાજ **શ્રી વલ્લભવિજયજી મહારાજનું** શુભ નામ, તેમનાં જૈન કોમ માટેનાં અથાગ તથા અવિરામ પરિશ્રમ માટે સુવિખ્યાત, કોનાથી અપરિચિત હશે ? આ સમભાવી મહાત્મા પ્રથમ પંજાબમાં ઘણા વર્ષો સુધી વિહાર કરીને ત્યાંનાં જૈનોને વીરપરમાત્મ પ્રરૂપીત શાસ્ત્રનું મહત્વ સમજાવી જૈનધર્મમાં સ્થીર કરી, ગુજરાત તરફ પધાર્યા, અને કોમને ખાસ ઉપયોગી કેળવણીનાં અનુકૂલ સાધનો ઉપસ્થીત કરવાને કોમના શ્રીમંતોને તે રસ્તે દોરવ્યા, જ્યારે પૂર્વાચાર્યો પુરાતનકાલમાં મંદીરો બંધાવવા, સંઘ કાઢવા, સ્વામીવાત્સલ્યો તથા પૂજા પ્રભાવનામાં દ્રવ્ય વ્યય કરવાને ઉપદેશતા. હા ! તે સમયે તેવા સાધનોની પણ જરૂર હતી, પરંતુ મહારાજશ્રી કહેતા કે " જમાનો બદલાયો છે, પહેલાં તો તમારા મંદિરો વિગેરેને જાળવી રાખનારા તૈયાર કરો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમને અન્યધર્માનુયાયી બનતાં અટકાવી સ્વધર્મમાં દૃઢ કરો. તેઓની હયાતીમાંજ તમારા ધર્મ અને મંદિરોની હયાતી છે. માટે પહેલાં જૈનો તૈયાર કરો, અને તેઓને ધાર્મિક તથા વ્યવહારિક કેળવણી અપાવી નૈતિક તથા વ્યવહારિક સુજીવનના સાધનો સહેલાઇથી મેળવી શકે તેવા કરો; જેથી તેઓ આપો આપ જૈનમંદિરોના ઉપાસકો બની રહેશે " આ સૂત્રને દરેક જગ્યાએ સમજાવતાં અને અનેક જગ્યાએ નાની મોટી કેલવણીની સંસ્થાઓ સ્થાપિત કરાવતાં પોતાનો એકસરખો વિહાર શરૂ કર્યો. પ્રથમજ તેઓએ પાલણપુરમાં " આત્મવલ્લભ કેલવણી ફંડ " ની સ્થાપના કરાવી. આ ફંડ અત્યારે બહુજ સારી સ્થિતિમાં છે, અને તેનો આશ્રય લઈને ગ્રેજ્યુએટો પણ સારા પ્રમાણમાં બહાર પડેલા છે. ત્યાર પછી મુંબઈના પોતાના ચાતુર્માસ દરમ્યાન એક આદર્શ સંસ્થારૂપ "મહાવીર જૈન વિદ્યાલય" ની સ્થાપના કરાવી. તે એવી તો સુસ્થાપિત છે કે હમેશ માટે જૈનોને આશીર્વાદરૂપ થઇ પડશે. આ સંસ્થા બહુજ ઉત્તમોત્તમ પ્રયત્નો સેવી રહેલી છે, અને અત્યાર સુધીમાં જે જે કાર્ય જોવાયું છે તે પ્રશંસનીય અને બીજાને અનુકરણીય થઇ પડે તેવું છે, આ સંસ્થાની આ સ્થિતિનું પ્રથમ માન મહારાજશ્રીનેજ ઘટે છે. ત્યાંથી તેમનું પધારવું સુરત થયું. આ સમયે સુરતમાં " વનિતાવિશ્રામ " નામની સંસ્થા અસ્તિત્વ ધરાવતી હતી. પરંતુ અહિં જૈન મહિલાઓને અનુકૂલ ધાર્મિક જ્ઞાનનો અભાવ હતો. તે ખાતર " જૈન વનિતાવિશ્રામ " સ્થાપન કરાવ્યું, અને ભવિષ્યના નેતાઓની જન્મદાત્રીઓને જ્ઞાનથી સુવાસિત થવાને સારા સાધનની ગોઠવણ કરાવી આપી. રાંધનપુરમાં પણ ત્યાંના ઉદાર નરરત્ન શેઠ મોતીલાલ મુળજીને ઉપદેશ આપી રૂપીયા વિસેક હજારથી " જૈન સ્કૉલરશીપ ફંડ " ની શરૂઆત કરાવી. આ ફંડને આશ્રયીને ઘણાં વિદ્યાર્થીઓ કેળવણીનાં સાધનો પ્રાપ્ત કરી શકયા છે, ફંડની સ્થિતિ પણ બહુજ સારી છે.

ગુજરાતનું છેલ્લું ચૌમાસું અમદાવાદ કરી ગુજરાતથી પંજાબને માટે વિહાર કર્યા પછી મહેસાણા તરફ ગએલા. ત્યાંથી પાલણપુર તરફ વિહાર કરવાની શરૂઆત કરી, પાછલથી પાટણના સંઘના આગેવાનો મહેસાણા આવ્યા. પરંતુ મહારાજજીનો પાલણપુર તરફ વિહાર સાંભળી રાતોરાત મહારાજજી પાસે પહોંચ્યા અને તેઓની બહુજ દીનતાપૂર્વક વિનતિ સ્વીકારી. મહારાજશ્રીએ પાંચ દિવસ માટે પાટણ જવા હા પાડી. તેજ અરસામાં છેવટની બીમારીમાં પાટણની અંદર એક હૉસ્પીટલ ત્યાંના મિત્ર મંડલ તરફથી ચાલતું હતું અને ત્યાંના બે નિઃસ્વાર્થ ડૉકટરોએ જે કામ કર્યું હતું તેને માટે ધન્યવાદ આપવા તથા હૉસ્પીટલમાં હવે દરદીઓ નહિં આવતા હોવાને લઇને બંધ કરવા માટે જાહેર સભા બોલાવવામાં આવી હતી. મહારાજશ્રીને આ બાબતમાં બોલવાનું હતું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ મહારાજશ્રીએ બોલવાની શરૂઆત કરતાં જણાવ્યું કે મને આવી પરોપકારી સંસ્થા બંધ કરવાનો પ્રસ્તાવ મુકવા માટે ઉભો કરવામાં આવ્યો છે. પરંતુ તે વાતતો આ જીહ્વાથી કહી શકાય તેવી નથી. હું તો કહું છું કે ભલે પંદરજ દરદીઓ આ હોસ્પીટલનો લાભ લે. પરંતુ તે બંધ તો થવી ન જોઇએ. આ શબ્દો જે ક્ષણે મહારાજશ્રીના મુખમાંથી નીકળ્યા તેજ ક્ષણે મુંબઈ વાસી પાટણુનિવાસીઓને હૉસ્પીટલ ચાલુ રાખવાનો તાર આવી પહોંચેલો. આથી સર્વ કોઇનાં દીલમાં શ્રદ્ધા અને આનંદ ફેલાઈ ગયા. આ સભામાં ચારૂપ કેસથી વિખવાદ પડેલા બન્ને પક્ષોનાં માણસો હાજર હતા. પરંતુ મહારાજશ્રીનું સમભાવી બોલવું સાંભળી બન્ને પક્ષોનાં દીલો એક થયાં હતાં. છઠ્ઠે દિવસે મહારાજશ્રી વિહાર માટે તૈયાર થઇ ગયા. પાટણુ નિવાસીઓ પોતાનાં અન્યદર્શની અમલદારો તથા આગેવાનો સાથે બે દિવસ વધુ રોકવાનો આગ્રહ કરવા આવી પહોંચ્યા. તેમના અત્યંત આગ્રહથી બે દિવસ વધુ રોકાવાનું નક્કી થતાં બે જાહેર વ્યાખ્યાનો કર્યા. દરેક નાના મોટા અમલદારો હાજર હતા. મહારાજશ્રીના ભાષણને જ્યારે ત્યાંના નાયક સુબા ગુજરાતીમાં સમજાવતા હતા. ત્યારે અનુવાદક જૈની ન હોવા છતાં એ પણ માલુમ નહોતું પડતું કે આ જૈની છે યા નહી. આ સભામાં એક દુષ્કાલ ફંડની શરૂઆત થઈ હતી અને તેજ સમયે દશેક હજાર રૂપીયા થવા પામ્યા હતા. આ ફંડને મુંબઈના પટણીઓની સહાયએ એક લાખ રૂપીયાનુ ફંડ સુધી લઈ જવા નિશ્ચીત થયું હતું. મહારાજશ્રી ત્યાંથી પાલણપુર પધારેલા. અગાઉ પાલણપુરનાં સંઘે મહારાજશ્રી પોતાનાં ગામમાં પધારે તો “ જૈન વિદ્યાલય ” સ્થાપવાની તીવ્ર ઇચ્છા બતાવી હતી. અને તેજ સમયે આ સંસ્થાના ઉંડા મૂળો મહારાજશ્રીના ઉપદેશથી રોપાઇ ગયાં હતાં જેના ફલ તરીકે અલ્પ સમયમાંજ આ સંસ્થાની સારી આશા આપનારી શરૂઆત થનાર છે. વળી તેજ અરસામાં શ્રીમદ સોમસુંદરસૂરિ વિજયહીરસૂરિ તથા વિજયાનંદસૂરિ આત્મારામજી મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા બહુજ ધામધુમથી કરવામાં આવી હતી.

પોતાના વિહાર દરમ્યાન મહારાજશ્રી કાઠીયાવાડને ભૂલેલા નહીં. તેઓશ્રી જુનાગઢ પધારેલા. સૌરષ્ટ્રનાં અગ્રગણ્ય શેઠ દેવકરણભાઈને તે વખતે ચાલતી “ વીસા જૈન બૉર્ડીંગ ” માં એક લાખ રૂપીયા આપવાને ઉશ્કેર્યા હતા. વળી વેરાવળમાં સ્ત્રી શિક્ષણુ શાળા તથા આત્માનંદ ઔષધાલયની સ્થાપના કરાવી જૈન માટે રૂપીયા સાઠેક હજારનું ફંડ થયું હતું. આ પ્રમાણે વિહાર કરતાં મારવાડમાં વીજાપુર, લુણાવા, સેવાડી વિગેરે સ્થલોએ ઘણાં જુનાં વખતનાં ઉંડામૂળો ઘાલેલા કંકાસોને દૂર કરાવતાં અને સંપના સુદ્રઢ પાયા આરોપતાં પંજાબ તરફનો વિહાર શરૂ કર્યો. અને વિચાર્યું કે રસ્તે જતાં મારવાડમાં કાંઈક ઉપકાર થાયતો વધુ સારૂં તેથી જ આ પ્રદેશની અડચણોને નહિ ગણકારતાં કેળવણીનાં મીઠાં ફલો મારવાડની પ્રજાને ચખાડવાને અથાગ પ્રયત્ન સેવી રહ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારવાડ શુષ્ક પ્રદેશ છે, વિદ્યાથી પણ વિહીન છે. એટલે વધુ ભાગ કેળવણીમાં પછાત છે. પરંતુ પૈસાપાત્ર છે. યોગ્ય માર્ગે દોરવી પૈસાનો સદ્વ્યય કરવાની સૂચના અને ઉપદેશની ખામીને લઇને અહિંનો વર્ગ નાતવરા વિગેરે ખોટા ખર્ચોમાં અઢલક નાણું ખર્ચનારો થઇ ગયો છે. સર્વ કોઈને વિદિત છે કે બીન કેળવાયેલ મારવાડીને, પૂજાઓનાં ઘી ચઢાવવામાં અને નાતવરા આદિનાં ખર્ચોમાં અઢળક નાણું ખર્ચી જતો જોઇ આપણને આશ્ચર્યમાં ગરકાવ થઈ જવું પડે છે. આપણો મારવાડી સમૂહ પોતાના અંગને માટે ખર્ચ નહિ કરતાં ધર્મને નામે ખર્ચ કરવાને પછાત પડે તેવો નથી. અને તેથી જ કહેવું પડે છે કે જો તેને ચાલુ જમાનાને ઓળખાવીને જરૂરતો સમજાવી શકાય અને તે જરૂરતોનાં માર્ગે પૈસા ખર્ચવાને દોરવવામાં આવે તો આ પ્રદેશ કોઇ રીતે બીજા દેશો કરતાં પછાત પડે તેવો નથી. એવું મહારાજશ્રીનાં મારવાડમાં ચાલતા પ્રયત્નથી સાફ જોવાયું છે.

મારવાડમાં સાધુઓનો વિહાર બહુજ ઓછો છે. જો કે મારવાડી સમાજ રૂપી જમીન ફલદ્રૂપ છે, છતાં પણ સાધુ મુનિરાજ રૂપી યોગ્ય કૃષીકારોના પદાર્પણથી ખેડાયા વિના તેમાં ધર્મના યોગ્ય બીજો વવાયા વિના અને ઉપદેશ રૂપી વારિસિંચન વિના ધાર્મિક દૃષ્ટીએ વેરાન સ્થિતિમાં પડયો છે અને હાલમાં સાબીત કરી દેવાયું છે કે આવા પ્રદેશમાં આહાર–પાણી–વિહાર વિગેરેની અડચણોને પણ સહન કરીને મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજે થોડા મહિના માત્રનાં ઉપદેશ વારિસિંચનથી કેટલુંએક ફલ ઉપાર્જન કરાવ્યું છે. એ એક સદ્ભાગ્યની વાત છે કે આપણા મુનિરાજોનું લક્ષ કેળવણી પ્રચારની પ્રવૃત્તિની આવશ્યકતા તરફ દોરવાયું છે. આ દિશા તરફ વલણ કરવાનું પહેલું માન પણ ઉકત મુનિરાજ અને તેમના વિદ્વાન શિષ્યવર્ગનેજ ઘટે છે; કારણ કે આજ સુધીમાં તેમનાં વિદ્યાપ્રચારમાટેનાં ઘણાં પ્રયાસો જાહેર છે.

મુનિરાજ શ્રીવલ્લભવિજયજીનું પંજાબ તરફનાં પ્રવાસ દરમ્યાન મારવાડમાં પધારવું થયું. સાદડીના સંઘની બે દિવસ માટે વિનંતી થવાથી સાદડીમાં પધાર્યા. તેમનું ચોમાસું બિકાનેર થવા વકી હતી; કારણકે બીકાનેરનાં સંઘની વિનંતી છેવટનાં ચાર પાંચ વર્ષથી ચાલુ હતી. અને સહુ કોઇ ધારતું હતું કે આવા શુષ્ક, અજ્ઞાન અને સાધુઓને યોગ્ય આહાર વિહારની અડચણવાળા પ્રદેશમાં આવા મહાત્માનું ચોમાસું યા સ્થિરતા કયા સદ્ભાગ્યથી સંભવી શકે, તેમાં પણ બીકાનેરના શ્રાવકો અને અગ્રગણ્ય શેઠીયાઓની તીવ્ર ઈચ્છા હતી કે મહારાજ સાહેબ ચાતુર્માસ બીકાનેર કરે તો એક એવું ચિરસ્થાયી કામ કરી બતાવવું કે જે આખી જૈન આલમને નમુના રૂપ થઇ પડે. આટલા ખાતર કેટલાએક તો કલકતા વિગેરેથી પોતાનાં કામથી ફારેગ થઈ બીકાનેર આવી ગયા હતા. પરંતુ સાદડીના સંઘની દીનતા પૂર્વક વિનંતી, મહારાજ સાહેબની આવા અજ્ઞાનમય પ્રદેશમાં ગમે તે ભોગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અજવાળું પાડવાની તીવ્ર ઇચ્છા, તથા ઉપકાર થઈ શકે તેવું અનુમાન થવાથી અને તેજ વખતે સાદડીના ઉત્સાહી આગેવાનોએ વિદ્યાપ્રવૃત્તિ નિમિત્તે રૂપીયા પચાસ હજારનું ફંડ સાદડીમાંથી એકત્ર કરી આપવાનું વચન આપવાથી ચાતુર્માસ સાદડીમાં જ કરવા નિશ્ચય થયો, મહારાજશ્રી સાદડીમાં ફાગણ માસમાં પધારેલા. મહારાજશ્રીનાં ઉપદેશથી અહિંના આગેવાનોનો ઉત્સાહ વધ્યો, અને રૂપીયા પચાસ હજારને બદલે રૂપીયા એક લાખનું ફંડ તો તૈયાર કરી નાંખ્યું, અને હજુ પણ વધવા સંભવ છે. ચાતુર્માસ બેસવાને વાર હતી તેવા વખતમાં મહારાજ સાહેબે વિચાર્યું કે આથી તો માત્ર સાદડી ઉપર જ ઉપકાર થઈ શકશે, પરંતુ જરા વધારે પરિશ્રમ સેવીને ગોલવાડ માટે પ્રયત્ન થાય તો વધુ ઉપકારનું કારણ બને તેથી તેઓશ્રીએ ગોલવાડનાં નાનાં મોટાં ગામોમાં જ્યાં થોડા ઘરની વસ્તી હોય ત્યાં પણ અનેક મુશ્કેલીઓ વચ્ચે વિહાર શરૂ કર્યો. પ્રભાવિક મનુષ્યોની પ્રવૃત્તિ પ્રભાવિક હોય છે, નાનાં મોટાં ગામનાં શ્રાવકો તથા અન્યદર્શનીઓ તથા અમલદાર વર્ગ પોતાનાં ગામમાં આવા મહાત્માનું પદાર્પણ જોઇને પોતાને કૃત્ય સમજે તેમાં નવાઈ શું ?

જે જે ગામોમાં એક પૈસાની પણ આશા નહોતી તે તે ગામોમાં પણ હજારો રૂપીયા ફંડોમાં ભરાયા. ઉપરાંત ત્યાંના કાયમી નાત સંઘનાં ટંટા ફીસાદોનો અંત આવતો અને આથી નાના મોટા સંઘોમાં બહુજ ઉત્સાહ ફેલાઈ રહેતો. બીવાણદીમાં ૩૦ વર્ષથી ટંટો ચાલતો હતો, પણ મહારાજશ્રીએ બહુજ સમજાવી બુજાવી ને આ કજીયાનો અંત આણ્યો. આથી આખી મારવાડી જૈન કોમ ઉપર ઉપકાર કર્યા જેવું થયું છે, મહારાજશ્રી બાલી પધારેલા અને ત્યાં માત્ર અગીયાર દિવસનાં પ્રયત્નથી રૂપીયા બેંતાલીસ હજારનું ફંડ થયું. અહિં પણ આવી મોટી રકમની આશા નહોતી; તો પણ ત્યાંના સંઘ આગેવાનોનું કહેવું છે કે મહારાજશ્રી બાલીમાં ચોમાસું કરે તો રૂપીયા એક લાખનું ફંડ અમારે કરી આપવું, પરંતુ મહારાજશ્રી સાદડીથી જઈ શકે તેમ ન હોવાથી તેઓ બાલીના સંઘના આગ્રહથી પોતાના વિદ્વાન શિષ્યવર્ગમાંથી પં. સોહનવિજયજી મહારાજ તથા લલિતવિજયજી મહારાજ આદિ પાંચ સાધુઓને ચોમાસા માટે બાલી મોકલ્યા છે. તેથી આશા છે કે ત્યાં પૂરેપૂરો લાભ થવા સંભવ છે. દોઢેક માસનાં વિહાર દરમ્યાન બેએક લાખનું ફંડ એકત્ર થવા પામ્યું છે, અને હજુ પણ પાંચ લાખ સુધી પહોંચવા વકી છે; કેમકે જોધપુર રાજ્યના નરેશ વિદ્યાપ્રેમી છે, અમલદાર વર્ગ પણ ઘણે ભાગે મહારાજશ્રીને અનુકૂલ જેવો છે, તેથી સારી જેવી મોટી રકમ રાજ્ય તરફથી મળવા ચોક્કસ સંભવ છે. એક ઠાકોરસાહેબ આ સંસ્થા પોતાના ઇલાકામાં થાય તો તેને જમીન આપવા પણ રાજી છે એમ સંભળાયું છે.

જૈનો પૈસાપાત્ર છે એવું હરવખતે સ્વીકારવા છતાં તથા જૈનો ધાર્મિક માર્ગે પૈસાનો સારો વ્યય કરે છે એવું અનુભવતા છતાં શોચનીય વાત તો એજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે અદ્યાપિપર્યંત એક પણ "જૈન મહા વિદ્યાલય, યાતો કોઈ સારી વિદ્યા સંસ્થા અસ્તિત્વ ધરાવતી નથી. થોડા સમય પહેલાં, અમે ભૂલતા ન હોઇએ તો બનારસમાં "હિંદુ યુનિવર્સિટિ" તથા યશોવિજયજી જૈન પાઠશાળાની સ્થાપના લગભગ એકજ વખતે થએલી, તેમાં પણ યશોવિજયજી જૈન પાઠશાળા સંપૂર્ણ સગવડ અને સાધનો વચ્ચે શરૂ થઈ હતી. હવે આ બન્ને સામયિક સંસ્થાનો વિચાર કરીએ તો "હિંદુ યુનિવર્સિટિ" ઉન્નતિની ટોચે પહોંચેલી છે, ત્યારે આપણી યશોવિજયજી પાઠશાળા મૃતપ્રાય: સ્થીતિ ભોગવતી જણાય છે. આશા હતી કે આ સંસ્થા એક આદર્શ જૈન મહાવિદ્યાલયનાં સ્વરૂપમાં પ્રકાશી આવશે, પરંતુ કુદરતને તે રૂચ્યું નહિં. ખેર ! હવે આ તરફ પણ તેવો બલ્કે તેથી ઉચ્ચતમ પ્રયત્ન શરૂ થયો છે. આ સંસ્થાનો આશય આદર્શ વીરભક્ત જૈનો અને તે પણ ચાલુ જમાનાની પાશ્ચાત્ય કેળવણી પ્રાપ્ત કરવા છતાં ધાર્મિક વસ્તુસ્થિતિને નહિં ભૂલનારા તૈયાર કરવા એજ રહેશે. આ સંસ્થાને હાલ તુર્ત તો ગોલવાડનાં કોઇ પણ હવા તંદુરસ્તીવાળા તથા દરેક પ્રકારની સગવડવાળા સ્થળે હાઇસ્કુલ સાથે બોર્ડીંગના સ્વરૂપમાં ખોલવામાં આવશે, અને રફતે રફતે જૈન કૉલેજનું સ્વરૂપ અપાશે એમ સાંભળવામાં આવ્યું છે.

અત્રે થોડી સૂચનાત્મક વિનંતી મહારાજશ્રીને કરવી અયોગ્ય નહિં ગણાય. જો કે આ બાબત મહારાજશ્રીનાં ખ્યાલ બહાર તો નહિંજ હોય.

૧ મારવાડની પરિસ્થિતિ આપ જાણો છે કે ઉત્સાહ વખતેજ કામની શરૂઆત કરી દેવામાં આવે અને પૈસા પણ તેજ સમયે એકત્ર કરી લેવામાં આવે તો ઠીક પાયાસર કામ રસ્તે ચડી જાય, પરંતુ જો જરા પાછળ ઉપર છોડવામાં આવે તો પછીથી સારી આશા રાખી શકાય નહિં. મહારાજશ્રીએ આ માટે અથાગ પરિશ્રમ સેવ્યો છે, તો પછી થોડી વધુ જહેમત ઉઠાવીને પૈસા એકત્ર કરાવી, ટ્રસ્ટડીડ કરાવી, પૈસા સારા સુરક્ષિત સ્થળે રખાવી, અને સંસ્થાના ઉંડા પાયા રોપ્યા પછીજ છોડે. ઘણીએ વખત અનુભવાયું છે કે આવી રીતે પ્રથમથી અગમચેતીનાં ઉપાયો ન લેવાથી સંસ્થાઓ કફોડી સ્થીતિમાં આવી પડે છે.

૨ આ સંસ્થાની ગામથી દૂર સ્વતંત્ર સારા હવા પાણી અને સંપૂર્ણ તંદુરસ્તીવાળા સ્થળે ગુરૂકુળને લાયક સર્વ સગવડ સાથે, સારા ચારિત્રવાળા, અને અનુભવી શિક્ષકોની દેખરેખ નીચે શરૂઆત થાય તો વધુ લાભ પહોંચે.

૩ આ સંસ્થાનો લાભ અમુક ગામ–પ્રાંત–યા દેશની વસ્તીને મળે એમ ન થાય તો વધુ ઠીક.

૪ ધાર્મિક જ્ઞાનની પ્રધાનતા પાશ્ચાત્ય કેળવણી સાથે ન ભૂલાવી જોઈએ. એટલે કે તે ગોખણીયું નહિં, પરંતુ આદર્શ જૈનો બનાવવાને ઉપયોગી તાત્વિક જ્ઞાન મળે તેમ થવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ હુન્નર ઉદ્યોગનાં જ્ઞાનની પણ જરૂર છે તો સંગીત આદિ વિષયો પણ રાખવા વિનંતી છે.

અંતમાં મહારાજશ્રીને આ પ્રયત્નમાં વિજયી થવામાં શાસનદેવતા સહાયભૂત થાઓ અને અન્ય શ્રીમંતો આ તરફ ઉદાર હાથ લંબાવો, એવું ઇચ્છી અત્રે વિરમીશું. ઇતિશમ્.

સેવાભિલાષી.
"ગુલકાન્ત" સંઘવી.

## પૂજ્યપાદ સ્વર્ગવાસી શ્રીમાન્ વિજયાનંદસૂરિ મહારાજની જયંતી

ઉપરોક્ત મહાત્માની જયંતી આ સભા તરફથી શ્રી સિદ્ધક્ષેત્રમાં દર વર્ષ મુજબ જેઠ શુદ ૮ ના રોજ ઉજવવામાં આવી હતી, જેનો કુલ ખર્ચ શેઠ મોતીચંદ દલીચંદ શ્રી રીસોદરાવાળાએ આપી પોતાની ગુરૂભક્તિ દર્શાવી છે, જેથી તેઓને ધન્યવાદ ઘટે છે.

* * * * *

શ્રીમાન્ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજ શ્રી લલીતવિજયજી મહારાજાદિ ત્રણ મુનિરાજોના શ્રી ભગવતીજીના જોગ પન્યાસજી શ્રીમદ્ સોહનવિજયજી મહારાજ પાસે બાલી—મારવાડમાં ચાલે છે.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડે આપેલી સ્કૉલરશીપો.

ઉપરોક્ત બૉર્ડની એક મીટીંગ તા. ૧૩—૭—૧૯ ની રાત્રે કૉન્ફરન્સ ઑફીસમાં મળી હતી જે વખતે જૈન વિદ્યાર્થીઓને નીચે મુજબ સ્કૉલરશીપ આપવામાં આવી હતી.

મુંબઈ, ગુજરાત, કાઠીઆવાડ અને દખણ ના ૧૬ સ્થળોના વતની અને ઇલાકાની જુદી જુદી ૮ કૉલેજોમાં ભણતા ૧૫ વિદ્યાર્થીઓને દરમાસે રૂ ૫) થી ૧૦) સુધીની કુલ રૂ. ૯૦) ની કીમતની સ્કૉલશીપ આપવામાં આવી છે, વળી સેકન્ડરી અને પ્રાયમરી સ્કુલોમાં ભણતા મુંબઈ ગુજરાત ઉપરાંત માળવા પ્રાંતમાં આવેલી જુદી જુદી ૨૫ જગ્યાના વતની અને જુદી જુદી ૨૨ સ્કુલોમાં શિક્ષણ લેતાં આશરે ત્રીશ સ્ત્રી અને પુરૂષ વિદ્યાર્થીઓને માસિક રૂ. ૨) થી ૫) સુધીની કુલ રૂ. ૮૦) ની સ્કૉલરશીપ આપવામાં આવી છે, આ પ્રમાણે આશરે રૂા. ૨૧૦૦) દર વર્ષે સ્કૉલરશીપ રૂપે આપવામાં આવ્યા છે.

## સુધારો.

ગયા અંકમાં બાલી—મારવાડ ગામમાં ચાર મુનિરાજો ચાતુર્માસ રહેલા છે તેને બદલે મુનિરાજ શ્રી સાગરવિજયજી મળી પાંચ મુનિરાજોના ચાતુર્માસ સમજવા.

પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજના પરિવારના મુનિરાજોના ચાતુર્માસ—મુનિ૰ શ્રી શંકરવિજયજી વગેરે—બદનાવર—માળવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નીચેના ગ્રંથો છપાવવા માટે ( ભાષાંતર ) તૈયાર થાય છે.

**( પ્રસિદ્ધ કરવા માટે—જ્ઞાનોદ્ધારના કાર્યના ઉત્તેજન માટે સહાયની અપેક્ષા છે ).**

૧. **શ્રી દાનપ્રદીપ** ( મહોપાધ્યાય શ્રી ચારિત્રગણી કૃત ) દાનગુણનું સ્વરૂપ ( અનેક કથાઓ સહિત ) જણાવનાર.

૨. **શ્રી મહાવીરચરિત્ર** ( શ્રી નેમીચંદ્ર સૂરિકૃત ) આ ગ્રંથ ઘણો પ્રાચીન છે. બારમા સૈકામાં તે લખાયેલછે . પાટણના ભંડારની તાડપત્રની પ્રત ઉપરથી અમોએ મૂલ છપાવેલ છે. અપૂર્વ ચરિત્ર છે.

૩. **શ્રી વિમલનાથ ચરિત્ર** ( શ્રી જ્ઞાનસાગરસૂરિ કૃત ) અપૂર્વ ચરિત્ર.

૪. **શ્રી ઉપદેશ સપ્તતિકા** ( શ્રી સોમધર્મગણિ વિરચિત ).

૫. **શ્રી ધર્મપરિક્ષા** ( અપૂર્વ કથાનક ગ્રંથ ).

૬. **શ્રી સંબોધ સપ્તતિ**—શ્રી રત્નશેખરસૂરિ વિરચિત અનેક ધર્મની હકીકતો જણાવનારો ગ્રંથ.

ઉપરના ગ્રંથો રસિક, બોધદાયક અને ખાસ પઠનપાઠન કરવામાં ઉપયોગી છે; તેટલુંજ નહિ પરંતુ વાચકોને આનંદ સાથે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય તેવા છે. દરેક ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર તૈયાર થાય છે દ્રવ્ય સહાયની અપેક્ષા ( જરૂર ) છે જ્ઞાનોદ્ધાર કરવાના ઉત્સાહી બંધુઓએ આવા જ્ઞાનોદ્ધારના કાર્યને સહાય આપી મળેલ લક્ષ્મીને સાર્થક કરવાનું છે, વર્તમાન સમયમાં ધર્મના આવા સારા સારા ગ્રંથો પ્રસિદ્ધ કરી-કરાવી ધર્મનો ફેલાવો તે વડે કરવાની આ અમૂલ્ય તક છે. વળી બહોળા પ્રમાણમાં તેના ખપી મુનિમહારાજાઓ, સાધ્વીમહારાજ અને જ્ઞાનભંડાર વિગેરેને ( વગર કિંમતે ) ભેટ અપાય છે. **સહાય આપનારને** તે લાભ સાથે તેનો જે નફો આવે તે તેવાજ જ્ઞાનખાતામાં ઉપયોગ થાય છે જેથી લાભ લેવા જેવું છે.

---

## શ્રી શત્રુંજય મહાતીર્થ સ્તવનાવલી.

પરમ પવિત્ર શ્રી શત્રુંજય તીર્થની યાત્રા અને ભક્તિ કરવાના એક સાધન નિમિતે અમોએ આ બુક પ્રસિદ્ધ કરી છે. જેમાં પ્રચલીત અને નવીન અનેક ચૈત્યવંદન, સ્તુતિ, નામ વર્ણન, સ્તવનો વગેરેનો સંગ્રહ કરવામાં આવેલો છે. સાથે નવાણુ પ્રકારી પૂજા એ શ્રીમદ્ વીરવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત દાખલ કરવામાં આવેલ છે. પોકેટમાં રહી શકે માટે કદ લઘુ કરવામાં આવેલ છે, સાથે યાત્રાના પર્વ દિવસોનું વર્ણન પણ આપવામાં આવેલ છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં શુદ્ધ રીતે છપાવવામાં આવેલ છે. ટાઇટલ (પુંઠુ) પણ રંગ બે રંગી સુંદર બનાવવામાં આવેલ છે. પરમ પવિત્ર આ તીર્થની યાત્રા અને ભક્તિ કરનારા બંધુઓ માટે એક ઉત્તમ સાધન અને યોજના કરવામાં આવેલ છે. મુદ્દલથી પણ કીમત ઓછી રાખવામાં આવેલ છે. કિં૦ ચાર આના પો૦ જુદું. અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

### છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.

૨ સત્તરિય ઠાણ સટીક–શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.

૩ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા–શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.

૪ ચૈત્યવંદન મહાભાષ્ય. ૫ જૈન મેઘદૂત સટીક.

૬ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ. ૭ જૈન ઐતિહાસિક ગુર્જર રાસસંગ્રહ.

૮ અંતગડદશાંગ સૂત્ર સટીક-ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી.

૯ શ્રી કલ્પસૂત્ર–કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્ર રત્ન સ્વરૂપચંદભાઇ તથા તેમનાં ધર્મપત્નિ બાઈ ચુનીબાઇ માણસાવાળાની દ્રવ્ય સહાયથી.

१० श्री अनुत्तरोववाईसूत्र सटीक शा. कचराभाइ नेमचंद खंभातवाळा तरफथी.

११ श्रीनंदीसूत्र श्रीहरिभद्रसूरिकृत टीका साथे. बुहारीवाळा शेठ मोतीचंद सुरचंद तरफथी.

૧૨ શ્રી ઉપાસક દશાંગ બુહારીવાળા શેઠ પીતાંબરદાસ પન્નાજી.

૧૩ શ્રી નિર્યાવલી સૂત્ર શ્રી શીહોરના સંઘ તરફથી.

### છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક. ૨ ષટસ્થાનક સટીક.

૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક. ૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.

૫ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત. ૬ વિજ્ઞપ્તિ સંગ્રહ.

૭ વિજયદેવસૂરિ માહાત્મ્ય. ૮ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.

૯ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ. ૧૦ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે

૧૧ ધાતુપારાયણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેર ખબર.

મુનિમહારાજોને નમ્ર વિનંતિ કે તેઓશ્રીના ઉપયોગનું "વિધિ સંગ્રહ" નામે પુસ્તક પાના આકારે હાલમાં અમારા તરફથી પ્રસિદ્ધ થયેલ છે. આ ગ્રંથમાં દીક્ષા વિધિથી લઇ, કયા પ્રકારના તપ આચરવા તે વિધિ એમ વિવિધ વિધિઓનો સંગ્રહ કરવામાં આવેલ છે. જેઓશ્રીને ખપ હોય તેમણે ગુરૂમહારાજ દ્વારા જૈન બંધુઓના નામે મંગાવવી. શ્રી પાલીતાણામાં બીરાજમાન પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજ તથા શ્રીમાન્ મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ તથા ફોટોગ્રાફર મગનલાલ હરજીવનદાસ, અમદાવાદ, મારફત જે મુનિરાજોને ભેટ મળેલી હોય તે સિવાયના મુનિ મહારાજોએ મંગાવવા કૃપા કરવી.

---

### શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત
## શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.
( મૂળ સાથે ભાષાંતર )

સતરમા સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ? તે શોધવાની મુશ્કેલી જણાતાં તેવા જીવોનો ઉપકાર કરવા નિમિતે જ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્વના સ્વીકારને જ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી તેની પરિક્ષા કરીને તે ગ્રહણ કરવું જોઇએ તેજ આ ગ્રંથમાં બતાવવામાં આવેલું છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ; એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવઅધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ ક્યારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે. ત્યારબાદ જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે તેવા નામ–અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવઅધ્યાત્મ જ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન શ્રીમાન ગ્રંથકર્તાએ અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ. ૦–૮–૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

---

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ શેઠ. કશળચંદ કમળશી. રે૦ મહુવા. પહેલા વર્ગના લાઇફ મેમ્બર.
૨ શાહ ઉત્તમચંદ કેશવલાલ રે૦ વડોદરા. ,,
૩ શા. હરખચંદ કુંવરજી રે૦ નાગનેશ ( કાઠીયાવાડ ) બી. વ. લાઇફ મેમ્બર.
૪ દલાલ પરશોતમદાસ જગજીવનદાસ રે. ભાવનગર. બી. વ. લાઇફ મેમ્બર.
૫ શા. હરજીવન કરશનજી. ભાવનગર. પે. વ. વા. મેમ્બર.
૬ શા. અમૃતલાલ ગીરધરલાલ. ભાવનગર. ,,
૭ શા. ફુલચંદ ગોપાળજી રે. ભાવનગર. ,,
૮ શા. ફુલચંદ હરીચંદ રે. મહુવા. હાલ પાલીતાણા. ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન ચરિત્રોનો મહિમા.

" ચરિત્રોના વાંચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આપણી આશામાં જીવન આવે છે; આપણામાં નવું કૌવત, હિમ્મત અને શ્રદ્ધા આવે છે; આપણે આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્વાકાંક્ષા જાગે છે; આપણે રૂડાં કાર્યોમાં જોડાઇએ છીએ અને મોટાઓનાં કામોમાં તેમની સાથે હિસ્સેદાર થવાને ઉશ્કેરાઇએ છીએ. જીવન ચરિત્રોના સહવાસમાં રહેવું અને જીવવું, અને તેમાંના દાખલાઓ જોઇને સ્ફુરણાયમાન થવું તે ઉત્તમ આત્માઓના સમાગમમાં અને ઉત્તમ મંડળમાં સહવાસ કરવા બરાબર છે. મનુષ્ય—વર્તનને ઉચ્ચ સ્થિતિમાં લાવવાને મહાન અને રૂડા પુરૂષોનાં જીવન ચરિત્રોએ જે અસર કરી છે તેનું જેટલું મૂલ્ય કરીએ તેટલું થોડું છે. આઇઝાક ડિઝરાએલી કહે છે કે " ઉત્તમ મનુષ્યજીવનની સાથે સંયોગ રહેવો એજ ઉત્તમ જીવન ચરિત્ર જાણવું. " સત્પુરૂષોનાં જીવન, તેમાં પણ દૈવી અંશથી સ્ફુરાયેલા નરોનાં જીવન વાંચવામાં આવે તો આપણા દુઃખનો બોજો બેમાલુમપણે ઓછો થયા વિના રહેતો નથી અને આપણે જાણે દુઃખમાંથી ઉંચકાઇને ઉંચે ચઢતા હોઇએ તેમ આપણને લાગે છે. એવા મહાત્માઓ શું કહી અને કરી ગયા છે તે જાણવાથી તેમના વિચાર અને કૃત્યોની નજીક આપણે બેમાલુમપણે જતા હોઇએ એમ લાગે છે

" ઇતિહાસરૂપી ચરિત્રો વાંચીને સમજવાથી બહુ પ્રકારના લાભ થાય છે. પ્રથમ તો તે વાંચતાંજ વાંચનારને પોતાની વિદ્યા, બુદ્ધિ, શક્તિ, સ્થિતિ આદિના વધતા ઓછા-પણાનો વિચાર ઉત્પન્ન થાય છે. અને વાંચનારમાં ક્રિયા કિયા સદ્‌ગુણો છે તે પોતાની મેળેજ તેને જણાઇ શકે છે.

ચરિત્ર એ એક પ્રકારનું દર્પણ છે. જેમ અરીસામાં મનુષ્ય પોતાની મુખાકૃતિમાં ખાંપણ જુએ છે, ત્યારે તે ખાપણને કાઢી નાખવા અને કાંતિમાં વધારો કરવા માટે પ્રયત્ન કરે છે તેમ ચરિત્ર રૂપી આરસીથી પોતાના સ્વભાવમાં વળગેલા ભૂષણ દૂષણ—ગુણ દોષ—તેના જોવામાં આવે છે; અને તેમ થતાં દૂષણનો ક્ષય અને ભૂષણમાં વૃદ્ધિ કરવાને તે જાગ્રત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધ કરવાથી નથી બનતું તે કામ જીવન ચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. અતિ શ્રમ લઇ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશ હિતેચ્છુ થાઓ, પ્રેમ શૌર્ય દાખવો, એવા એવા ઉપદેશો મુખે અથવા પુસ્તક દ્વારા કરવાથી જેવી અને જેટલી અસર થાય છે તેના કરતાં એવા ગુણોથી અંકિત થઇ પ્રખ્યાતિમાં આવેલા મહાજનોનાં ચરિત્રો વાંચી સમજવાથી અધિક અસર થાય છે. વાંચનારના સ્મરણ સ્થાનમાં તેની આબાદ ઉંડી છાપ પડે છે અને પછી તે તેને અનુસરીને ઉત્તેજીત થઇને બહાર પડે છે. "

" ચારિત્ર " માંથી.

For Private And Personal Use Only